**આજનો સુવિચાર**

જેની ભીતર કોઈપણ ઈચ્છા હોતી નથી, તેની જરૂરીયાતોની પુર્તિ પ્રકૃતિ આપોઆપ કરે છે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૩૦૬ જૂનાગઢ તા.૦૯-૧૨-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 306, Junagadh : Date : 09 December, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ભંડુરી નજીક બે કાર વચ્ચે ભયાનક અકસ્માત : પાંચ વિદ્યાર્થી સહિત ૭ના મોત






## એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુના ઝુંપડામાં પણ આગ લાગી : હાઈ-વે પર કાળજું કંપાવનારા દૃશ્યો સર્જાયા

જૂનાગઢ તા.૦૯

આજે વહેલી સવારે જૂનાગઢ જીલ્લાના માળિયા હાટીના તાલુકાનાં ભંડુરી નજીક બે કાર વચ્ચે ભયાનક અકસ્માત સર્જાતાં સાત લોકોનાં મોત નીપજયાં છે. આ ગંભીર અકસ્માતમાં સાત મૃતકોમાં પાંચ વિદ્યાર્થીનો સમાવેશ છે, જે પરીક્ષા આપવા જૂનાગઢ જઈ રહ્યા હતા. બે કારની ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુના ઝૂંપડામાં પણ આગ લાગી હતી. ગંભીર અકસ્માતની આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ છે.

આ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, જૂનાગઢ-વેરાવળ હાઈવે થઈ માળિયા હાટીના પાસે આવેલા ભંડુરી ગામ પાસે આજે સવારે આઠ વાગ્યાના અરસામાં બે કાર વચ્ચે વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી, જેમાં પરીક્ષા આપવા જતા પાંચ વિદ્યાર્થી સહિત કુલ સાત લોકોનાં મોત થયાં હતા. બે કાર વચ્ચે ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુમાં રહેલા ઝૂંપડામાં પણ આગ લાગી હતી.

હાઈવે પર વહેલી સવારે બે કારની ટક્કર થતાં આજુબાજુના લોકો એકઠા થયા હતા અને બચાવ કામગીરી સાથે પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસકાફલા સાથે ૧૦૮ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ઘટનાસ્થળે પહોંચેલી ફાયરની ટીમે ઝૂંપડામાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. જ્યારે પોલીસે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માત કંઈ રીતે થયો એની આગળની તપાસ હાથ ધરી છે.

આ ગંભીર અકસ્માતના સામે આવેલા સીસીટીવીમાં જોઈ શકાય છે કે એક કાર બ્રિજ તરફથી જઈ રહી છે, જ્યારે સામેથી આવતી બીજી કાર કોઈ કારણોસર ડિવાયડર કૂદીને બ્રિજ તરફથી જતી કારને સામેથી ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયંકર હતી કે બંને કારનો કચ્ચરઘાણ વળી ગયો છે.

આ અંગે ડીવાયએસપી દિનેશ કોડિયાતારએ જણાવ્યું હતું કે આજે વહેલી સવારે આઠ વાગ્યાની આસપાસ માળિયાના ભંડુરી ગામ પાસે એક મારુતિ સેલેરિયો અને એક અન્ય કાર વચ્ચે ટક્કર થઈ હતી, જેમાં ૭ લોકોનાં મોત થયાં છે. હાલ સાતેય મૃતદેહો માળિયાની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે અને અકસ્માત થયો કઈ રીતે થયો એની તપાસ ચાલુ છે.

## સિરિયામાં સત્તા પરિવર્તન બાદ અમેરીકાએ આઈએસઆઈએસ ત્રાસવાદીઓના ૭૫ સ્થળો પર બોંબમારો કર્યો

વોશીંગ્ટન, તા.૯ :

સિરિયામાં વિદ્રોહી જૂથોએ રાજધાની દમાસ્કસ પર કબજો કરી લીધો છે. સિરિયામાં ૨૭ નવેમ્બરના રોજ બળવાખોર જૂથો અને સેના વચ્ચે લડાઈ શરૂ થઈ હતી. એક પછી એક ચાર શહેર પર વિજય મેળવ્યા પછી બળવાખોરોએ ૮ ડિસેમ્બરે રાજધાની દમાસ્કસ પર પણ કબજો કર્યો. જેની સાથે જ સિરિયામાં અસદ પરિવારના પાંચ દાયકા લાંબા શાસનનો અંત આવ્યો.

રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને રશિયા ભાગી ગયા છે. રોઈટર્સના અહેવાલ મુજબ, રશિયન રાષ્ટ્રપતિ પુતિને અસદ અને તેના પરિવારને રાજકીય આશ્રય આપ્યો છે. અમેરિકાએ સિરિયામાં અસદ સરકારના પતનનું સ્વાગત કર્યું છે.

રાજધાની દમાસ્કસ સહિત સીરિયાના તમામ મોટા શહેરો અને ઘણા ભાગોમાં જેહાદી બળવાખોરો બંદૂકો અને ગોળીબાર સાથે ઘૂમી રહ્યા છે. બળવાખોરો વિજય અને સ્વતંત્રતાની ઉજવણી કરી રહ્યા છે. અહીંની હવામાં ગનપાઉડરની ગંધાવાની છે અને તેમાં અમેરિકાનો પણ હાથ છે. વાસ્તવમાં, રાષ્ટ્રપતિની સત્તા સમાપ્ત થતાંની સાથે જ અમેરિકાએ સીરિયા પર બોમ્બ મારો શરૂ કર્યો છે. અમેરિકાએ સીરિયાની અંદર ISISના ડઝનબંધ સ્થાનોને નિશાન બનાવ્યા હતા.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે કહ્યું છે કે તેણે બી-૫૨, એફ-૧૫ અને એ-૧૦ સહિત યુએસ એરફોર્સના એરક્રાફ્ટનો ઉપયોગ કરીને સેન્ટ્રલ સીરિયામાં ૭૫થી વધુ લક્ષ્યો પર હુમલો કર્યો છે. એટલું જ નહીં, અમેરિકાએ ઈસ્લામિક સ્ટેટના લડવૈયાઓ સામે લડવા માટે દક્ષિણ-પૂર્વ સીરિયામાં લગભગ ૯૦૦ સૈનિકોની ટુકડી તૈનાત કરી છે. અમેરીકાએ સ્પષ્ટ કર્યું છે કે તે સીરિયામાંથી પોતાની હાજરી હટાવશે નહીં

### :: સમાચાર રાઉન્ડ અપ ::

- ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર પહેલા રાજમંત્રીમાં ફેરફારના સંકેતો : કનુભાઈ દેસાઈ વિધાનસભાના અધ્યક્ષ બનશે તેવી અટકળો : શંકર ચૌધરીની કેબીનેટમાં એન્ટ્રી નિશ્ચિત : કેટલાક મંત્રીઓને નવી ભૂમિકા સોંપાશે.
- દિલ્હીમાં ૪૦ શાળાઓને બોમ્બથી ફૂંકી મારવાની ધમકી મળી : દોડધામ.
- ગુજરાતમાં જંત્રીના સુચિત વધારા સામે બિલ્ડર લોબીએ બાંયો ચડાવી : મકાનના ભાવ ૩૦ થી ૪૦ ટકા વધવાની ભીતી.
- રાજસ્થાનના નાગોર જીલ્લામાં ભાણેજના લગ્નમાં બે કરોડનું મામેરૂં ભરાયું.
- એટીએમમાંથી ગ્રાહક નિશ્ચિત સમયમાં રોકડ રકમ નહીં ઉપાડે તો રોકડ રકમ એટીએમ પાછુ ખેંચી લેવાની સુવિધા શરૂ થશે.
- હૈતીમાં ગેંગસ્ટરે બ્લેક મેજીકની શંકામાં ૧૧૦ વૃધ્ધોને વીણી-વીણીને મારી નાંખ્યા.
- દુબઈની મુલાકાત હવે મુશ્કેલ બની : નિયમોમાં ફેરફાર કરાતા વિઝા રીઝેક્શનમાં ભારે ઉછાળો આવ્યો.

## ગુજરાતમાં ૩૩ માંથી ૨૮ જીલ્લાઓમાં ભૂગર્ભજળની ગુણવત્તા અત્યંત ખરાબ

નવી દિલ્હી, તા.૯:

તાજેતરમાં લોકસભામાં રજૂ કરાયેલ ડેટાએ સમગ્ર ગુજરાતમાં ભૂગર્ભજળની ગુણવત્તાના નોંધપાત્ર મુદ્દાઓ પર પ્રકાશ પાડયો છે, જેમાં ૩૩ માંથી ૨૮ જિલ્લાઓ (૮૫ ટકા) ખારાશથી પ્રભાવિત છે. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ (CGWB) ના ૨૦૨૨-૨૩ ના અહેવાલ પર આધારિત ડેટા દર્શાવે છે કે ૩૦ જિલ્લાઓ (૯૧ ટકા) ઉચ્ચ ફ્લોરાઈડ સ્તરો સાથે સંઘર્ષ કરી રહ્યા છે, જ્યારે ચિંતાજનક ૩૨ (૯૭ ટકા) જિલ્લાઓ ઉચ્ચ નાઈટ્રેટ દૂષણનો સામનો કરી રહ્યા છે. ગુજરાત એ છ ભારતીય રાજ્યોમાં સામેલ છે જ્યાં ૭૫% થી વધુ જિલ્લાઓ ત્રણેય પ્રકારના દૂષણથી પ્રભાવિત છે.

જલ શકતિ રાજ ભૂષણ ચૌધરીએ આ ડેટા સાંસદો રાજેશ વર્મા, શ્રીકાંત શિંદે, નરેશ મ્સ્કે અને શાંભવીના પ્રશ્નના જવાબમાં આપ્યો હતો.

CGWB રિપોર્ટ દર્શાવે છે કે લીધેલા નમૂનાઓમાંના ૫૦ ટકામાં ખારાશ વધારે હતી, ૧૮ ટકામાં ખૂબ જ ઊંચી ખારાશ હતી અને ૭ ટકામાં અત્યંત ઊંચી ખારાશ હતી. રાજ્યના પાણીની ગુણવત્તા સૂચકાંક ચિંતાજનક ચિત્ર દોરે છે, જેમાં માત્ર ૧૧ ટકા પાણીના નમૂનાઓને 'ઉત્તમ' અને ૪૩ ટકા "સારા" તરીકે વર્ગીકળત કરવામાં આવ્યા છે.

૪૫ ટકા નમૂના સ્વીકાર્ય ધોરણોથી નીચે છે, જેમાંથી ૩૦ ટકા 'નબળા', ૯ ટકા "ખૂબ જ નબળા" અને ૬ ટકા પીવા માટે અયોગ્ય માનવામાં આવે છે.

## કેશોદના ખીરસરા ઘેડ ગામે ધાર્મિક પ્રસંગમાં ફુડ પોઈઝનીંગની ઘટના : ૧૧ બાળકીઓને સારવાર માટે દાખલ કરાઈ

જૂનાગઢ તા.૦૯

જૂનાગઢના કેશોદના ખીરસરા ઘેડ ગામે ફૂડ-પોઈઝનિંગની ઘટના સામે આવી છે. ગામમાં એક ધાર્મિક કાર્યક્રમમાં યોજાયેલા જમણવાર બાદ ૧૧ બાળકીને ઊલટીઓ થવા લાગી હતી. તેમને ફૂડ-પોઈઝનિંગ અસર થઈ હતી, જેથી આ તમામ બાળકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. બીજી તરફ ફૂડ-પોઈઝનિંગની ઘટનાની જાણ થતાં આરોગ્ય વિભાગની ટીમ પણ દોડતી થઈ હતી અને તેમના દ્વારા અન્ય બાળકોનું સ્કેનિંગ કરી વધુ તપાસ હાથ ધરવામા આવી છે.

જૂનાગઢ જીલ્લાના કેશોદના ખીરસરા ઘેડ ગામે આજે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જમણવાર દરમિયાન બાળકીઓને ઊલટીઓ થવા લાગતાં દોડધામ મચી ગઈ હતી. ૧૧ જેટલી બાળકીને ફૂડ-પોઈઝનિંગની અસર થતાં તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા. જેમાંથી સાત બાળકીઓને કેશોદ સિવિલ હોસ્પિટલ અને અન્ય ચાર બાળકીઓને પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી છે.

ખીરસરા ઘેડ ગામે વાડી વિસ્તારમાં એક ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકીઓ જમવા ગઈ હતી. જ્યાં જમ્યા બાદ બાળકીઓને ઊલટી થવા લાગી હતી. જેથી બાળકીઓને સારવાર માટે કેશોદ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી.


**ધમાકા એક્ષચેન્જ ઓફર**
**તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ**
**આ ઓફર ટુંક સમયમાં માટે જ છે**





PARDAWALA

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

**સી.સી. પડદાવાલા**

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

હાર્દિક શુભેચ્છા...

**ડો. નિલેશ જે. મારકણા**
એમ.એસ. (ગાયનેક)



**વુમન કેર હોસ્પિટલ**

● મેટરનીટી હોમ ● લેપ્રોસ્કોપીક
● સોનોગ્રાફી ● ફર્ટીલીટી સેન્ટર

બાલાજી એવન્યુ, પહેલો માળ, મોતીબાગ પાસે, ડો. પાનસુરીયાની સામે, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૭૫૦૭૭
મો. +૯૧ - ૮૪૬૯૭ ૭૧૦૫૧

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

CARE+ LABORATORY

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

**KHUSHI WELNESS** Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting

**યુસુફજય આજીલ જહુરખાન** (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)

સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી

**મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮**

ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

# અદાણી પોર્ટ મુંદ્રા -લિક્વીડ ટર્મીનલે કાર્ગો હેન્ડલમાંનવો માઈલસ્ટોન સર્જ્યો : ૨૦૩૦ સુધીમાં ૧ બિલિયન ટન કાર્ગો હેન્ડલ કરવાનું લક્ષ્યાંક



(પ્રતિનિધિ દ્વારા)

મુન્દ્રા તા.૯

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન(APSEZ) મુંદ્રાએ ફરી એકવાર અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. મુન્દ્રા લિક્વિડ ટર્મિનલે નવેમ્બર-૨૦૨૪માં ૦.૮૩૨ MMT કાર્ગો હેન્ડલ કરીને અનોખો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. APSEZનું કાર્ગો હેન્ડલીંગનવેમ્બર મહિનામાં વાર્ષિક ધોરણે ૨૧% વધીને કુલ ૩૬ MMT થયું હતું. APSEZ ૨૦૩૦ સુધીમાં ૧ બિલિયન ટન કાર્ગો હેન્ડલ કરવાનું લક્ષ્યાંક ધરાવેછે. અગાઉ મે ૨૦૨૪માં મુન્દ્રા લિક્વિડ ટર્મિનલે ૦.૮૨૬ MMTનો રેકોર્ડ સર્જાયો હતો, જેને નવેમ્બરમાં ૦.૮૩૨ MMT કાર્ગો હેન્ડલ કરીને વટાવ્યો છે. APSEZની એકીકૃત આવક અને EBITDA નાણાકીય વર્ષ ૨૦૨૪ થી નાણાકીય વર્ષ ૨૦૨૯ સુધી અનુક્રમે ૨૦%અને ૧૮% ના CAGR ઉપર વધવાની ધારણા છે. તો આવક અને EBITDAમાં અનુક્રમે ૪૬% અને ૪૮% CAGR ઉપર વૃદ્ધિની અપેક્ષા છે. દરમ્યાન ફાઈનાન્સિયલ સર્વિસિસ અને રિસર્ચ ફર્મ નુવામાએ અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ(APSEZ)ના શેર ઉપર 'બાય' રેટિંગ જાળવી રાખ્યું છે. રિસર્ચ ફર્મને અદાણી પોર્ટ્સની આવક અને EBITDAમાં ઝડપી વૃદ્ધિની અપેક્ષા છે. તેનું માનવું છે કે, APSEZની નાણાકીય સ્થિતિ મજબૂત, દેવું ઓછું અને રોકડની સ્થિતિ સારી છે. કંપની પાસે બંદરો અને લોજિસ્ટિક્સ સુવિધાઓ સહિત મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. વળી કંપનીને સરકારી નીતિઓનો પણ ફાયદો મળી શકે છે. તાજેતરમાં યોજાયેલા APSEZ ઈન્વેસ્ટર ડે ૨૦૨૪માં, કંપનીએ ૨૦૩૦ સુધીમાં ૧ બિલિયન ટન કાર્ગો હેન્ડલ કરવાના તેના લક્ષ્યને પુનરોચ્ચાર કર્યો હતો. આ લક્ષ્યાંપક થકી મુખ્યત્વે સ્થાનિક કાર્ગોમાં ૧૨% ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ થવાની ધારણા છે, જ્યારે દક્ષિણપૂર્વ એશિયા, આફ્રિકા અને મધ્ય પૂર્વ જેવા મુખ્ય બજારોમાં સ્થાનિક ઓપરેટરો સાથે ભાગીદારી દ્વારા આંતરરાષ્ટ્રીય કાર્ગો પણ વૃદ્ધિ પામશે. APSEZ સંચાલિત સેવાઓમાં સતત નવા-નવા રેકોર્ડસ સર્જાઈ રહ્યા છે. અગાઉ અદાણી પોર્ટ્સ મુન્દ્રા રો-રો ટર્મિનલે સૌથી વધુ કાર શિપમેન્ટ નિકાસ કરવાનો વિક્રમ સર્જ્યો હતો. દર કલાકે ૧૧૬ કારોનીનિકાસ સાથે મુન્દ્રા RORO ટર્મિનલે ભારતીય ઓટોમોબાઈલ ઉદ્યોગ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

# મેંદરડા નજીક બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો યુવક રસ્તા પર પડી જતા ટ્રક ચડી જતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

મેંદરડા નજીક સામસામે બાઈક અથડાતા યુવક રોડ પર પડી ગયા બાદ પાછળથી આવેલ ટ્રક યુવક ઉપર ચડી જતા મોત નિપજયાનું મેંદરડા પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે જમનભાઈ જીણાભાઈ મકવાણાએ ટ્રક નં.જીજે-૧૨-એયુ-૯૭૭૩ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીનો દિકરો અરવીંદ ઉર્ફે રાહુલ જમનભાઈ મકવાણા તથા ફરીયાદીના પુત્રવધુ શાહીનબેન પોતાના હવાલાવાળી મોટર સાયકલ નં જીજે ૧૧ એમએમ ૯૪૬૪ વાળી લઈને મેંદરડા ગીર લાયન હોટલ પાસે પહોચતા સામેથી મોટર સાયકલ નંબર જીજે ૦૩ એનએસ ૫૪૩૯ વાળી સાથે અથડાતા ફરીયાદીના દિકરો તથા પુત્રવધુ રોડ ઉપર પડી જતા પાછળથી ટ્રક નંબર જીજે ૧૨ એયુ ૯૭૭૩ વાળાના ચાલકે પોતાના હવાલાવાળો ટ્રક પુરઝડપે બેફીકરાઈ અને ગફલત ભરી રીતે ચલાવી ફરીયાદીના દિકરા અરવીંદભાઈના બન્ને પગમાં કમરથી નીચેના ભાગે ચડાવી ગંભીર ઈજાઓ પહોચાડી તથા શરીરે નાની મોટી ઈજાઓ પહોચાડતા મરણ ગયેલ તથા ફરીના પુત્રવધુ શાહીનબેનને શરીરે નાની મોટી ઈજાઓ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ગોકુલ હોસ્પિટલ રાજકોટે મોરબી ખાતે ફ્રી આરોગ્ય સેવાયજ્ઞ કરી ડોક્ટર બાબા સાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૯



ગોકુલ હોસ્પિટલ રાજકોટ દ્વારા વિશ્વવિભૂતિ, ભારત રત્ન અને બંધારણના ઘડવૈયા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરના પરિનિર્માણ દિન નિમિત્તે મોરબી ખાતે વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી મોરબીમાં શરૂ કરવામાં આવેલ ગોકુલ વીઝીટીંગ સેન્ટર દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરના પરિનિર્માણ દિવસ નિમિત્તે મોરબી ખાતે આવેલ રોહીદાસ પરા વિસ્તારમાં આરોગ્ય સેવાય યજ્ઞ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી. ગોકુલ હોસ્પિટલ રાજકોટ દ્વારા મોરબી ખાતે વાત્સલ્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શરૂ કરવામાં આવેલ ગોકુલ વીઝીટીંગ સેન્ટરના નિષ્ણાંત તબીબો દ્વારા તા.૬-૧૨-૨૦૨૪ના રોજ સવારે ૯:૩૦ થી ૧૨ વાગ્યા સુધી રોહીદાસ પરામાં આવેલ ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલ હતું. જેમાં જનરલ ચેકઅપ, ફ્રી ડાયાબિટીસ ચેકઅપ, ફ્રી બ્લડ પ્રેશર તપાસ, ફ્રી બ્લડ ગ્રુપ તપાસ સાથે સાથ લોહીની ટકાવારીની તપાસ કરી દેવામાં આવેલ. આ ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પનો ૯૦ જેટલા દર્દીઓએ લાભ લીધેલ હતો. જેમાંથી ૩૦ જેટલા દર્દીઓને ફ્રીમાં લોહીના પરીક્ષણો પણ કરી આપવામાં આવેલ તદુપરાંત સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની સલા સૂચન માટે ફ્રીમાં આગામી ચેકઅપ પણ કરી આપવાની વ્યવસ્થા ગોઠવી આપવામાં આવેલ હતી.

### અધધધ... એકજ શાળાના ૯૦ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ

# મુંબઈ આયોજીત નેશનલ રંગોત્સવ સેલીબ્રેશનમાં સ્ટિલ સ્કૂલ્લૂનાં વિદ્યાર્થીઓએ ૯૦ ગોલ્ડ મેડલ RIA BEST SCHOOL FOR FUTURISTIC EDUCATION અવોર્ડ મેળવી સર્જ્યો રેકોર્ડ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૯

'દરેક વિદ્યાર્થી ખાસ છે.' તે સિધ્ધાંત ઉપર અલગ રીતે કાર્ય કરતી રાજકોટ શહેરની નામાંકીત ક્રિસ્ટલ સ્કૂલસનાં વિદ્યાર્થીઓ પોતાની આવડત દ્વારા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું હુન્નર દેખાડી રહ્યા છે. તાજેતરમાં મુંબઈ(મહારાષ્ટ્ર) દ્વારા આયોજીત રંગોત્સવ સેલીબ્રેશન અંતર્ગત નેશનલ લેવલ આર્ટ કોમ્પિટીશનમાં સમગ્ર ભારતમાંથી કુલ ૫૩૬૩ સ્કૂલસના ૭,૧૭,૩૬૭થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમાં ક્રિસ્ટલ સ્કૂલ્સનાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં કુલ ૯૦ ગોલ્ડ, ૫૬ સિલ્વર, ૩૮ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા. વિદ્યાર્થીઓની આ શ્રેષ્ઠ સિધ્ધિ હાંસલ કરવા બદલ શાળાનાં ચેરમેન રણજીતસરએ વિદ્યાર્થીઓ તેમજ શાળાનાં આર્ટ એન્ડ સ્કીલ વિભાગના શિક્ષકઓને બિરદાવ્યા હતાં. તેમજ સમગ્ર શાળા પરિવારે શાળાને BEST SCHOOL FOR FUTURISTIC EDUCATION એવોર્ડ મળવા બદલ સરને અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાતની વધુ એક સિદ્ધિ : જાહેર વિતરણ વ્યવસ્થા સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશનના સફળતાપૂર્વક અમલીકરણ માટે ભારત સરકાર તરફથી ગુજરાતને મળ્યો પ્રતિષ્ઠિત પુરસ્કાર

### FCI - GSCSCLના ગોડાઉન તેમજ તમામ વ્યાજબી ભાવની દુકાનોને ઓનલાઈન PDS પ્લેટફોર્મમાં જીઓ-ફેન્સ કરાઈ : ડિસેમ્બર ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ દરમ્યાન પરિવહન ખર્ચમાં અંદાજિત રૂા.૪.૫ કરોડની બચત



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૯

કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા ગુજરાત સરકારના અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને નવી દિલ્હી ખાતે પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગત તા.૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ 'અન્ન ચક્ર' PDS સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન ટૂલ અને NFSA માટે સબસિડી ક્લેમ્સ એપ્લિકેશન(SCAN) પોર્ટલના લોન્ચિંગ સમયે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા(PDS) સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન, કે જેમાં ખાસ કરીને રૂટ ઓપ્ટિમાઈઝેશન અમલીકરણના ઉત્તમ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ના જૂન માસથી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લોજિસ્ટિક્સને સુવ્યવસ્થિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. રાજ્યમાં આવેલા ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(FCI) અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ (GSCSCL)ના તમામ ગોડાઉન તેમજ તમામ વ્યાજબી ભાવની દુકાનો(FPS)ને ઓનલાઈન PDS પ્લેટફોર્મમાં સફળતાપૂર્વક જીઓ-ફેન્સ કરવામાં આવ્યા છે. ફાઉન્ડેશન ફોર ઈનોવેશન એન્ડ ટેક્નોલોજી ટ્રાન્સફર(FITT), આઈઆઈટી દિલ્હી અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ(WFP) દ્વારા સંયુક્ત રીતે એક ઓપ્ટિમાઈઝેશન સ્ટડી તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત માટે L1 એટલે કે FCI/CWC થી GSCSCL ગોડાઉન સુધીમાં ૩૮ ટકા અને L2 એટલે કે GSCSCL થી FPS સુધીમાં ૦૬ ટકા સુધીના નોંધપાત્ર ખર્ચ ઘટાડાનો અંદાજ દર્શાવવામાં આવ્યો હતો. જે અંતર્ગત વિભાગે વ્યાપક વિશ્લેષણ હાથ ધરીને ઓપ્ટિમાઈઝ કરી શકાય તેવા L1 માટે ૬૫૧ રૂટ્સ અને L2 માટે ૧૬,૮૨૭ રૂટ્સની ઓળખ કરી હતી. FCIની FIFO નીતિ અને મૌસમી વિવિધતા જેવા પડકારો હોવા છતાં આ વિભાગે FCIના અધિકારીઓ, જિલ્લા અધિકારીઓ અને પરિવહન એજન્સીઓ સહિતનાં હિતધારકો સાથે સતત બેઠકો અને ચર્ચા વિચારણા કરી L1 માટે ૨૩૯માંથી ૧૭૦ એટલે કે ૭૧.૧૨ ટકા રૂટ અને L2 માટે ૧૬,૮૨૭ માંથી ૧૫,૩૭૬ એટલે કે ૯૧.૩૭ ટકા રૂટ સફળતાપૂર્વક ઓપ્ટિમાઈઝ કર્યા હતા. જેના પરિણામે ડિસેમ્બર ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ દરમ્યાન જ પરિવહન ખર્ચમાં કુલ અંદાજિત રૂા.૪.૫ કરોડ અને માસિક સરેરાશ રૂા.૫૬ લાખની બચત થઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વમાં અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના માર્ગદર્શનમાં આવા પરિવર્તનકારી પરિણામોની ભારત સરકાર દ્વારા નોંધ લઈ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. વધુમાં, PDS સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશનના કેન્દ્ર સરકારના પ્રેઝન્ટેશન તેમજ બ્રોશરમાં પણ ગુજરાત મોડેલને ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવ્યું હતું, જે ગુજરાત માટે ખૂબ જ ગૌરવપૂર્ણ બાબત છે. આ ઉપલબ્ધિ વિભાગની નવીનતા, કાર્યક્ષમતા અને સેવામાં ઉત્તમતા લાવવા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. તદુપરાંત જાહેર વિતરણ પ્રણાલીને સુવ્યવસ્થિત ચલાવીને તમામ સાચા લાભાર્થીઓને યોગ્ય લાભ મળી રહે તે સુનિશ્ચિત કરવાની ગુજરાત સરકારની અડગ દ્રષ્ટિને પ્રતિબિંબિત કરે છે, તેમ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# કેશોદ અન્ડરબ્રિજ કામગીરીથી ધંધા ઠપ્પ : આસપાસના વેપારીઓની આર્થિક મદદ અને વેરા માફની માંગ

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૯

કેશોદ ચાર ચોર ખાતે છેલ્લાં ૩ વર્ષથી અન્ડરબ્રિજની કામગીરી ચાલી રહી છે. આથી આ અન્ડરબ્રિજની આસપાસમાં દુકાનો ધરાવતાં ૪૦ જેટલાં વેપારીઓના ધંધા - રોજગાર સદંતર બંધ થયા છે. આ વેપારીઓ કેશોદ સેવા સદન ખાતે



પ્રાંત કચેરીએ પહોંચ્યાં હતાં જયાં તેમણે વડાપ્રધાન અને ઉચ્ચ અધિકારીઓને સંબોધી લખેલું આવેદન પ્રાત અધિકારી આસિસ્ટન્ટ કલેકટરને સુપ્રત કર્યુ હતું. વેપારીઓ આવેદનમાં જણાવ્યાં હતું કે તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૨૨થી કેશોદ ચાર ચોક અન્ડરબ્રિજનું કામ શરૂ થયું હતું. જે કામ ૨૫ ડિસેમ્બર ૨૦૨૨ના પૂર્ણ કરવાનું હતું પરંતુ આ કામગીરી વધુ ૨ વર્ષ લાંબી ચાલતાં વેપારીઓના છેલ્લાં ૨ વર્ષથી કામ ધંધા સદંતર બંધ રહ્યાં છે. આ વેપારીઓ ધંધા રોજગાર વગર ઘરે બેઠા છે. તેમની આર્થિક પરિસ્થિતી ખુબ દયનિય બની છે. આ અન્ડરબ્રિજનું કામ શરૂ થયું ત્યારથી તેમની મિલકતની કિંમતના ભાવ તળિયે ગયાં છે. અન્ય જગ્યાએ ધંધા કરવા મુશ્કેલ હોય તેવા સંજોગોમાં વેપારીઓએ ૨૫ જાન્યુ ૨૦૨૩થી જયાં સુધી અન્ડરબ્રિજનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી દરેક વેપારીને દર મહિને ૫૦૦૦૦ જેવી રોકડ રકમનું વળતર આપવામાં આવે તેમજ આ સમય દરમ્યાન પાલિકા દ્વારા ઉઘરાવાતાં દુકાનો અને ઘરના મિલકત સબંધિત તમામ વેરા માફ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

# તાલુકા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪ ખેતીવાડી શાખા સુત્રાપાડા દ્વારા પ્રાચી ખાતે યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તા.૯

રાજ્યમાં દરેક તાલુકાઓમાં રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાનમાં જેમાં ગીર સોમનાથ જિલ્લાના તમામ તાલુકાઓમાં પણ રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪ યોજાયો હતો, જે પૈકી ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાનો તાલુકા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪ પ્રાચી ખાતે તારીખ ૬ અને ૭ ડિસેમ્બરના રોજ યોજાયો હતો. જેમાં જિલ્લા વહીવટી તંત્ર, સુત્રાપાડા ખેતીવાડી શાખાના અધિકારીઓ, સામાજિક અગ્રણીઓ, ખેડૂત અગ્રણીઓ તેમજ અન્ય અનેક મહાનુભાવોએ હાજરી આપીને ખેડૂતોને કૃષિ ક્ષેત્રની વિવિધ યોજનાકીય સહિતની માહિતી આપી હતી. તેમજ વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવા અપીલ કરી હતી. ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓનુ માર્ગદર્શન આપેલ સાથે જ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીને વધુ મહત્વ આપવા માટે પણ આહવાન કરવામાં આવ્યું હતું. પ્રાચી ખાતે સુત્રાપાડા ખેતીવાડી શાખા દ્વારા બે દિવશીય કૃષિ મહોત્સવમાં આશરે ૧૫૦૦-૧૭૦૦ જેટલી બહોળી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી અને કૃષિને લગતી વિવિધ માહિતીઓ મેળવી હતી અને અલગ અલગ સ્ટોલની મુલાકાત લીધી હતી.


# ઉના નજીક અકસ્માતમાં યુવાનનું મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૯

ઊના તાલુકાના વાઝડી ગામના પાટિયા પાસે ધોકડવા થી મોઠા ગામે મોટર સાયકલ ઉપર જતા યુવાનને મોટર કાર ચાલકે હડફેટે લઈ ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી મોટર કાર મૂકી નાસી ગયો. ઊના તાલુકાના મોઠા ગામે રહેતા જીવાભાઈ ઉર્ફે જીવરાજભાઈ નરસિંહભાઈ કામલીયા ઊના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમનો સગો ભાઈ જગદીશભાઈ નરસિંહભાઈ કામલીયા (ઊં.વ.૪૯)રે. મોઠા વાળો પોતાના કબજા વાળી મોટર સાયકલ ઉપર ધોકડવાથી તેમના ગામ મોઠા ગામે આવતા હતા ત્યારે વાઝડી ગામના વળાંક પાસે સામેથી આવતી અલ્ટો મોટર કારના ચાલકે પોતાની મોટર કાર પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી સામે આવતી મોટર સાયકલ સાથે ભટકાવતા મોટર સાયકલ સવાર જગદીશભાઈ રોડ ઉપર ફંગોળાઈ પડી ગયા હતા અને માથામાં અને શરીરમાં ગંભીર ઈજા પહોંચાડી કાર ચાલક નાસી ગયો હતો. જગદીશભાઈને ઊના હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોકટર તેમને ગંભીર ઈજાઓ થવાથી મોત થયાનું જાહેર કરતા પોલીસે ગુનો નોંધી કાર ચાલકને પકડવા તજવીજ શરૂ કરી છે.

# ઉનાના આમોદ્રા ગામે દડવા રાંદલ માતાજીના મંદિરનો જીર્ણોધાર મહોત્સવ અને મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ત્રણ દિવસ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૯


ઉના તાલુકાના આમોદ્રા ગામની સીમ મા સેકડો વારસો જૂનું દડવા રાંદલ માતાજી નું મંદિર આવેલ છે. તે મંદિર ને શિખર બંધ મંદિર બનાવવા અને મંદિરના પરિસરમાં શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી, શ્રી ભૈરવજીની નૂતન મૂર્તિ દાતાઓના તન, મન, ધનના સહકારથી કાર્ય પૂર્ણ થતાં શ્રી દડવા રાંદલ મંડળ અને શ્રી આમોદ્રા ગામ સમસ્ત દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગમી તા.૧૦-૧૨-૨૪ને મંગળવારથી જીર્ણોદ્ધાર અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ કરવામાં આવશે. આ ત્રણ દિવસ દરમ્યાન હેમાદ્રી, દસ વિધાન, ગણેશ પૂજન, મૂર્તિની શોભાયાત્રા, અગ્નિ સ્થાપન, દેવતા પૂજન, ગ્રહ હોમ, જલાધિવાસ, શતચંડી યજ્ઞ, વાસ્તુ પૂજન, અશિખર સ્નમતવિધિ, અન્નાધિવાસ, દેવતા મૂર્તિ પૂજન, મૂર્તિ ન્યાસ પ્રકર, દેવતા પ્રતિષ્ઠા, શિખા ધ્વજ દંડ પ્રતિષ્ઠા, મૂર્તિ સ્થિર હોમ, યજ્ઞની પૂર્ણાહૂતી તા.૧૨-૧૨-૨૪ને ગુરૂવારે કરાશે. યજ્ઞની સંપૂર્ણ વિધિ મુખ્ય આચાર્ય શાસ્ત્રી હિતેશભાઈ જોશી(દેલવાડા વાળા) અને અને વિદ્વાન બ્રાહ્મણઓ સંપન કરાવશે. આરતી અને મહા પ્રસાદ યોજાશે. દિવસો દરમ્યાન રાત્રિના રાસ ગરબા, સંત વાણી યોજાશે. ત્રણ દિવસ સુધી ગાય માતાને ઘાસચારો, કૂતરાઓને લડાવા, પક્ષીઓને ચણ આપવામાં આવશે તેમજ આમોદ્રા ગામ સમસ્ત ત્રણ દિવસ તથા ભાવિક ભક્તોને મહા પ્રસાદનો લાભ લેશે. ત્રણ દિવસ દરમ્યાન સાધુ અને સંતો હાજરી આપી આશીર્વચન આપશે. આ મહોત્સવમાં તમામ ભક્તજનોને પધારવા આયોજકોએ જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# ગીર ગઢડા તાલુકાના એક ગામની સગીર વયની યુવતીને લગ્ન કરવાની લાલચ આપી યુવક ભગાડી જતા પોલીસ ફરિયાદ નોંધાઈ

ઉના તા.૯

ગીર ગઢડા તાલુકાના એક ગામમાં સંયુક્ત પરિવારમાં રહેતી ૧૪ વર્ષ ૭ માસની સગીર વયની યુવતી રાત્રીના સમયે ઘરે હોય અને પરિવારના સભ્યો ભાગીયુ રાખેલ ખેતરમાં પાણી વાળવા ગયેલ હોય ત્યારે રાત્રીના સમયે હરેશ ઉર્ફે હસલો બાલુ ભાઈ બારૈયા રહે. ખિલાવડ તા.ગીર ગઢડાવાળો સગીર વયની યુવતીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે વાલીપણા માંથી ભગાડી જતા પરિવારજનોએ યુવતીની શોધખોળ કરવા છતાં મળી ન આવતા યુવતીના પિતાએ ગીર ગઢડા પોલીસ સ્ટેશને ગુન્હો નોંધાવતા પોલીસે બી.એન.એસ ૧૩૭(૨), ૮૭ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સ્વામી લીલાશાહ મિત્રમંડળના ચેરમેન રમેશકુમાર શેવકાણીનો આવતીકાલે જન્મદિવસ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯ : સ્વામી લીલાશાહ મિત્ર મંડળના ચેરમેન તેમજ લાડી લોહાણા સિંધી પંચાયતના પૂર્વ પ્રમુખ રમેશકુમાર શેવકાણીનો ૧૦મી ડિસેમ્બરના રોજ ૭૦મો જન્મદિવસ છે. સમાજના અગ્રણી અને સમાજ તેમજ મિત્ર મંડળ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# ખંભાળિયામાં રહેણાંક મકાનમાં આગનું છમકલું

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૯ : ખંભાળિયામાં રહેતા જાવેદ અલારખા રૂંઝાનાં મકાનમાં એકાએક આગ ભભૂકી ઊઠી હતી. મકાનના રસોડામાં લાગેલી આ આગ અંગેની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા જિલ્લા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સુચના મુજબ ફાયર સ્ટાફના જવાનો તાકીદે ફાયર ફાઈટર સાથે આ સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

### પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે

# ભારતભરમાંથી આવેલ સીનીયર એન.સી.સી. કેડેટ્સોએ ખડક ચઢાણની બેઝીક તાલીમ પૂર્ણ કરી

જૂનાગઢ, તા.૯

રાજય સરકારના કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર ઉપક્રમે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજીત, તથા ૮ ગુજરાત બટાલિયન એન.સી.સી. પ્રાયોજીત સીનીયર એ.સી.સી. ભાઈઓ માટે ખડક ચઢાણ બેઝિક કોર્સ તા.૨૮/૧૧/૨૦૨૪ થી તા. ૭/૧૨/૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાયો જેમાં વિવિધ ૧૦ રાજ્યો માંથી ૮૫ જેટલા એન.સી.સી. સિનીયર ભાઈઓએ તાલીમ લીધી.



શિબિરના છેલ્લા દિવસે પૂર્ણાહુતી કાર્યક્રમ યોજાયો હતો જેમા કાર્યક્રમના અધ્યક્ષ લેફ.કર્નલ વિજયકુમાર મિશ્રા,એડમ ઓફિસર,૮ ગુજરાત બટાલિયન, કે.પી. રાજપૂત પૂર્વ પ્રિન્સીપાલ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટઆબુ, સુબેદાર મેજર બલવંત સિંઘ, ૮ ગુજરાત બટાલિયન, અક્ષય જૈન એ.એન.ઓ. બિહારના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી તાલીમાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા. જેમા અંબર વિષ્ણુ રાજસ્થાન, દીપક સોલંકી જૂનાગઢ, રૂપેશકુમાર પટેલ બરોડા, યશ મણિયાર ભાવનગર, વૈભવ ચુડાસમા જામનગર, બ્રિજેશ સોરઠીયા વીરપુર, માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.

અધ્યક્ષ લેફ.કર્નલ વિજયકુમાર મિશ્રા,એડમ ઓફિસર,૮ ગુજરાત બટાલિયન એ ગ્રુપમાં રહેવાના ફાયદા કહ્યા હતા. આ તાલીમ થી પ્રેરણા લઈને બીજી આવી સરકારની પ્રવૃત્તિમાં જોડવો અને આવી પ્રવૃતિમાં જોડતા પહેલા શારીરિક અને માનસિક રીતે તૈયારી કરીને આવવાનું જણાવ્યું. તાલીમાર્થી દ્વારા કેમ્પના અનુભવો વિષે તેમના અભિપ્રાય વ્યકત કરતા કહ્યુ કે, શરૂઆતમાં અમને બહુ તકલીફ પડી પરંતુ પછી થી તેઓ વાતવરણ સાથે અનુકુલન સાધતા થઈ ગયા હતા, પર્વતારોહણની તાલીમ માં ખડક પરથી નીચે ઉતારવામાં ભય લાગતો હતો જે ધીમે ધીમે માનદ ઈન્સ્ટ્રક્ટર ના માર્ગદર્શન થી દુર થયો હતો. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત તથા શિબિર અંગેની માહિતી કે.પી. રાજપૂત પૂર્વ પ્રિન્સીપાલ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટઆબુએ આપી હતી. અંતે આભાર વિધિ ઈન્સ્ટ્રક્ટરશ્રી દીપક સોલંકી એ કરી હતી.

# જૂનાગઢ જીલ્લામાં રવિ કૃષિ મહોત્સવમાં ખેડૂતોની આવક વધારવા કૃષિ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયું

**જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા જૂનાગઢ ખાતે આયોજિત રવિ કૃષિ મહોત્સવમાં સહભાગી બન્યા : પ્રાકૃતિક કૃષિ સહિતના કૃષિલક્ષી મુદ્દે ખેડૂતો સાથે પ્રેરક સંવાદ સાધ્યો**



જૂનાગઢ, તા.૯

જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર આયોજિત રવિ કૃષિ મહોત્સવના બીજા અને અંતિમ દિવસે કૃષિ તજજ્ઞો દ્વારા ખેડૂતોને આધુનિક કૃષિના જુદા જુદા આયોમો અને કૃષિકારોની આવકમાં વધારો કરવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભા ગૃહ ખાતે આયોજિત રવિ કૃષિ મહોત્સવમાં સહભાગી થતા જુદા જુદા કૃષિ લક્ષી સ્ટોલની મુલાકાત કરી જરૂરી નિરીક્ષણ કર્યુ હતું. આ દરમિયાન તેમણે ઉપસ્થિત ખેડૂતો સાથે પણ પ્રાકૃતિક કૃષિ, એગ્રીસ્ટેક અંતર્ગત ખેડૂતોની નોંધણી સહિતના ખેતીલક્ષી મુદ્દે સંવાદ સાધી તેમના પ્રતિભાવો મેળવ્યા હતા.

આ તકે કલેકટર અનિલકુમાર રાણાવસિયા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિતીન સાંગવાને કૃષિ યુનિવર્સિટી, ખેતીવાડી, આત્મા, બાગાયત, ફોરેસ્ટ, સખી મંડળ, ICDS, નેનો યુરીયા, ડ્રોન અને જમીન ચકાસણીના સ્ટોલની મુલાકાત કરી હતી.

ઉપરાંત જિલ્લામાં તાલુકાવાર આયોજિત રવિ કૃષિ મહોત્સવમાં પ્રાકૃતિક ખેતી ઉપરાંત મિલેટ અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન, કૃષિ અને બાગાયતી પાકોમાં તાંત્રિકતા, બાગાયતી પાકો સાથે મિક્સ ફાર્મિંગ સહિતના વિષયોને આવરી લઈ ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે કૃષિ વૈજ્ઞાનિકોએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભા ગૃહ ઉપરાંત ભેસાણ ખાતે વિનય મંદિર હાઈસ્કુલ, કેશોદમાં તાલુકા સેવા સદનના કમ્પાઉન્ડ, માળિયા હાટીનાના કુકસવાડા ગામે ચોરવાડ રોડ ઉપર કર્મદીપ ઓઈલ મીલ સામે જુના બસ સ્ટેશનની બાજુમાં, માણાવદરમાં આહીર સમાજ ખાતે, માંગરોળના કરમદી ચિંગરીયા ગામે કોળી સમાજ ખાતે, મેંદરડાના ચિરોડા ગામે લેવા પટેલ સમાજ ખાતે, વંથલીમાં દિલાવર નગર, પેટ્રોલ પંપની બાજુમાં ઉમિયા પ્રોટીન્સ ખાતે અને વિસાવદરના માંડાવડ ગામના ડી.વી. શૈક્ષણિક સંકુલ ખાતે રવિ કૃષિ મહોત્સવના અંતિમ દિવસે ખેડૂતતોએ કૃષિલક્ષી પરિસંવાદ અને પ્રદર્શનનો લાભ મેળવ્યો હતો.

### જૂનાગઢ જીલ્લામાં દરેક તાલુકામાં રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત

# પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રેરિત કરાયા

જૂનાગઢ, તા.૯

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને રવિ પાક તથા પ્રાકૃતિક કૃષિ વિશેની વિસ્તૃત માહિતી મળી રહે તેમજ ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુથી રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪ અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં દરેક તાલુકામાં રવિ કૃષિ મહોત્સવનુ આયોજન કરવામાં આવેલ છે. જેમાં જૂનાગઢ જિલ્લાના બહોળી સંખ્યાના ખેડૂત ભાઈઓ અને બહેનોએ રવિ કૃષિ મહોત્સવમાં કૃષિના જુદા જુદા સ્ટોલ તેમજ




પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોના અનુભવોનુ આદાન-પ્રદાન કર્યું હતું. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે પ્રત્યક્ષ જ્ઞાન મળી રહે અને પ્રાકૃતિક કૃષિ અપનાવે હેતુથી રવીકૃષી મહોત્સવમાં ઉપસ્થિત રહેલા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી હતી. જેમાં મોડલ ફોર્મ પર ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના જુદા જુદા આયામો ઉપરાંત જીવામૃત, ઘન જીવામૃત તેમજ વિવિધ અસ્ત્રો વગેરે નું પ્રત્યક્ષ નિદર્શન કરી પ્રાકૃતિક કૃષિની માહિતી આપવામાં આવી હતી. આમ, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# જૂનાગઢ -ઈવનગર - મેંદરડા રોડ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ

**રીસર્ફેસિંગની કામગીરી માટે અને લોકોની સુરક્ષા સલામતી ધ્યાને રાખી માટે જાહેરનામું પ્રસિદ્ધ કરીને વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો : વૈકલ્પિક રૂટ જાહેર કરાયા**

| વાહન બંધ કરવાનાં રૂટની વિગત | વૈકલ્પિક રૂટની વિગત | | |
|---|---|---|---|
| | ગામનું નામ | વૈકલ્પિક રૂટ | કિમી. |
| (૨) | (૩) | (૪) | (૫) |
| જૂનાગઢ - ઈવનગર - મેંદરડા રોડ. | ઈવનગર | જૂનાગઢ - વાડલા - ઈવનગર રોડ | ૧૩ |
| | ધુડવદર | જૂનાગઢ-પાદરીયા-વિજાપુર-ધુડવદર રોડ | ૧૨ |
| | સોનારડી | જૂનાગઢ-વાડલા- લુશાળા-ધણફુલીયા-સોનારડી રોડ | ૨૪ |
| | નવાગામ | મેંદરડા-દાત્રાણા-ખીમપાદર-નવાગામ રોડ | ૧૮ |
| | ખડપીપળી | મેંદરડા-દાત્રાણા-ખીમપાદર- ખડપીપળી રોડ | ૧૫ |
| | આલીધ્રા | મેંદરડા-મામલતદાર કચેરી- આલીધ્રા રોડ | ૫ |
| | રાયપુર | જૂનાગઢ-પાદરીયા-વિજાપુર-ધુડવદર- રાયપુર રોડ | ૧૫ |
| | સુખપુર | જૂનાગઢ-ડુંગરપુર-ખડીયા- નાગલપુર- સુખપુર રોડ | ૨૯ |
| | ગાંઠીલા | જૂનાગઢ-વાડલા-લુવાસર -ધણફુલીયા- ગાંઠીલા રોડ | ૧૭ |

જૂનાગઢ, તા.૯

જૂનાગઢ -ઈવનગર - મેંદરડા રોડની રીસર્ફેસિંગની કામગીરી ચાલતી હોવાથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કરીને ઉક્ત રોડ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાની સાથે વાહન ચાલકો માટે વૈકલ્પિક રૂટ પણ જાહેર કરવામાં આવ્યા છે. જૂનાગઢ -ઈવનગર - મેંદરડા રોડના રીસર્ફેસિંગની કામગીરી પ્રગતિમાં છે. આ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ થઈ શકે તથા કામગીરી દરમિયાન લોકોની સલામતી અને સુરક્ષા જળવાઈ રહે ઉપરાંત રસ્તાને નવેસરથી રીસર્ફેસિંગની કામગીરી કરી વધુ કાર્યક્રમ બનાવી શકાય તે હેતુસર આ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા.૨-૧-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જાહેરનામા દ્વારા જાહેર કરાયેલા છે.

# અમદાવાદની ઝાયડસ હોસ્પિટલને સતત છઠ્ઠી વખત શ્રેષ્ઠ હોસ્પિટલનો એવોર્ડ મળ્યો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદની ઝાયડસ હોસ્પિટલ્સે સતત છઠ્ઠી વખત અમદાવાદની સર્વશ્રેષ્ઠ હોસ્પિટલનું બિરુદ મેળવ્યું છે. ‘ધવીકના માધ્યમથી અને હંસા રિસર્ચ દ્વારા કરવામાં આવેલ આ સર્વેક્ષણ દ્વારા, છેલ્લા ૬ વર્ષથી બેસ્ટ હોસ્પિટલનો એવોર્ડ મેળવનાર ઝાયડસ ગુજરાતની નંબર ૧ હોસ્પિટલ બની રહી છે.

ઝાયડસનું મુખ્ય ધ્યેય સમાજનાં દરેક સમુદાયને, વિશ્વ કક્ષાના નવીનતમ તબીબી સંશોધન, વિજ્ઞાન અને એડવાન્સ ટેકનોલોજીની મદદથી શ્રેષ્ઠ મેડિકલ સુવિધાઓ અવિરતપણે પ્રદાન કરવાનો રહ્યો છે. ગુજરાતમાં જવલ્લે જ અપાતી ટ્રીટમેન્ટ, દર્દી લક્ષી અભિગમ અને તેમને પોસાય તેવા દર સાથે સરળ અને અત્યાધુનિક નિદાન સેવાઓનેકારણે અનેક પ્રમાણિત સંસ્થાઓ તરફથી સતત માન્યતા એન્ડ રિવોર્ડ્સ મેળવી ઝાયડસ હોસ્પિટલ સફળતાનાં નવા શિખરો સર કરી રહી છે. ઝાયડસ હોસ્પિટલ, ગુજરાતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના પ્રણેતા, ડૉ. આનંદ ખખ્ખરના નેતૃત્વ હેઠળ, માત્ર ૩ વર્ષમાં ૨૩૦ થી પણ વધુ લીવર ટ્રાન્સપ્લાન્ટની નોંધપાત્ર સિદ્ધિની સાથે આખા પશ્ચિમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટનું અગ્રણી સેન્ટર બન્યું છે. જેમાં એક HIV અને બે અલગ બ્લડ ગ્રુપ (ABO) ધરાવતા દર્દીનું લીવર ટ્રાન્સપ્લાન્ટ પણ કરેલ છે. અહીંની લીવર ટ્રાન્સપ્લાન્ટ અને લીવર ક્રિટિકલ કેરની વ્યાપક ટીમે ૧૦૦% સફળતા સાથે ૧ વર્ષના સમયગાળામાં એકસાથે ૬ લીવર અને કિડની ટ્રાન્સપ્લાન્ટનો (SLKT) રેકોર્ડ બનાવ્યો છે. To વિશાળ ડાયાલિસિસ યુનિટ ધરાવતાં ઝાયડસ હોસ્પિટલના રીનલ ટ્રાન્સપ્લાન્ટ વિભાગમાં ૩૩૦થી પણ વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટ પાર પાડયા છે. બ્રેઈન સ્ટ્રોકની ત્વરિત સારવારની દિશામાં છેલ્લા બે વર્ષથી હબ અને સ્પોક મોડલ દ્વારા સમગ્ર ગુજરાતમાં AI-આધારિત, બ્રેઈન સ્ટ્રોક કેર નેટવર્ક શરૂ કરી, તેને ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચાડી, સ્ટ્રોક જેવા જીવલેણ રોગ દરમ્યાન અંતરિયાળ ગામોમાં પ્રાથમિક સારવાર પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કરી ઝાયડસને બ્રેઈન ઈન્ટરવેન્શનસ સર્જરી માટે ગુજરાતનું વિશ્વસનીય કેન્દ્ર બનાવવા બદલ ડો.કલ્પેશ શાહ અભિનંદનીય છે. ન્યુરો-સાયન્સની ટીમ ૧૦૦ થી પણ વધુ દર્દીઓની સંપૂર્ણ રિકવરી સાથે સારવાર કરી ચુક્યા છે. બીજી ક્રિટિકલ ટ્રીટમેન્ટ જેવી કે,બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ માટે હિમેટો-ઓક્રોલોજિસ્ટ ડો. નિધિ જૈન અને ડો. આકાંશા ગર્ગની સાથે મેડિકલ ઓક્રોલોજિસ્ટ, રેડિયેશન ઓક્રોલોજિસ્ટ, ન્યુક્લિયર મેડિસિન, ટ્રાન્સફ્યુઝન નિષ્ણાંતોની સાથે ખાસ ટ્રેનિંગ લીધેલ BMT નર્સિંગ સ્ટાફની ટીમે ૩ વર્ષના ગાળામાં ૧૬૦ થી પણ વધુ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટકરીને દર્દીઓના જીવનમાં ઉજાસ પાથર્યો છે.

ઝાયડસમાં, સિનિયર પ્લાસ્ટિક અને રિકંસ્ટ્રકશન નિષ્ણાંતોની ટીમનાં અથાગ પ્રયત્નોને પરિણામે બાળકથી લઈને પુખ્ત વયના લોકોમાં સફળતા પૂર્વક અંગ પ્રત્યારોપણ કરી રિકંસ્ટ્રકશનના સોનેરી ભવિષ્યનો પાયો નખાયો છે. અકસ્માતમાં કપાયેલાં અંગોને ફરી જોડીને દર્દીને ફરી બેઠા કરનાર રિકંસ્ટ્રકશન નિષ્ણાતોની ટીમની કુનેહ બિરદાવવાને કાબિલ છે. રિકંસ્ટ્રકશનમાં નિપુણતા સાથે હવે ઝાયડસ હાથ પ્રત્યારોપણની સુવિધા પણ ધરાવે છે. અમદાવાદમાં રોબોટિક્સ જેવી અદ્યતન ટેકનોલોજીના ઉપયોગમાટ્રેન્ડ સેટર તરીકે ઓળખાતી ઝાયડસ હોસ્પિટલમાં એક જ છત નીચે તમામ પ્રકારની સારવાર રોબોટિક્સ પદ્ધતિથી આપવા માટે અદ્યતન ટીમ કામ કરી રહી છે. ડૉ. વિશાલ સોનીની કુશળતા અને અનુભવનવી પેઢીને તાલીમ આપવા માટે સમગ્ર ભારતમાં રોબોટિક્સ ટ્રેનિંગનો ડંકો વગાડી રહી છે. ઓર્ગન સ્પેસિફિક કેન્સર માટેની ટીમ, બાળકો અને પુખ્ત વયના દર્દીઓ માટે ક્રિટિકલ કેર ટીમ, ૭૦-૮૦% દાઝી ગયેલાં દર્દીઓની ખાસ સંભાળ સાથે થેયલ સફળ સારવારજેવા વિભાગોમાં અહીંના કુશળ તજજ્ઞોનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. તદુપરાંત, ગુજરાતમાં સૌપ્રથમ વખત વપરાતી અત્યાધુનિક મશીનોધરાવતીજેમાં બહારથી કોઈપણ હસ્તક્ષેપ વગર - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી, અલ્ગોરિધમ આધારિત અને માનવીય ચૂકની નહિવત શકયતાઓ સાથેનાએડવાન્સ પેથોલોજી વિભાગમાં ટેકનોલોજી અને નવીનતાનો અનોખો સમન્વય જોવા મળે છે. ઈન્ફ્રાસ્ટ્રકચર




ઉપરાંત, ઝાયડસને આમુકામે પહોંચાડવામાં વિખ્યાત સિનિયર ડોક્ટર્સ અને અનુભવી મેડિકલ અને પેરા-મેડિકલ સ્ટાફ સાથે ઝાયડસનાસુપર-સ્પેશિયાલિસ્ટ નિષ્ણાંત ટીમનો ફાળો રહ્યોછે. સાથે સાથે અસંખ્ય દર્દીઓએ મુકેલા વિશ્વાસના પરિણામે ઝાયડસ હોસ્પિટલે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.હંસા રિસર્ચ અને ‘ધવીક’નાતરફથી આ સન્માન, આરોગ્યસંભાળના ક્ષેત્રમાં અગ્રણી તરીકે ઝાયડસ હોસ્પિટલ્સને વધુ આગળ વધવા માટે પ્રેરિત કરે છે, જે તેની ઉચ્ચ સ્તરની તબીબી સંભાળ દર્દીઓ સુધી પહોંચાડવા માટેની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે.

# માંગરોળ રૂદલપૂર ફાટક પાસે અકસ્માતમાં મહિલાનું મોત

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૯



માંગરોળના કેશોદ રોડ ઉપર રૂદલપુર ફાટક પાસે એકટીવા મોપેડ સ્કુટર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા પુત્ર અને પતિની નજર સામે જ મહીલાનું મોત થયું હતું. જ્યારે ચાર વર્ષના બાળકનું ચમત્કારીક બચાવ થયો હતો. ૧૦૮ મારફતે મહીલાનું મૃતદેહ માંગરોળ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. મહીલાના મોતને પગલે કેશોદના જોગી પરીવારમાં કરૂણ વલોપાત સર્જાયા હતા. આ બાબતની વિગતો એવી છે કે, કેશોદથી સ્કુટર ઉપર આવતા શિવભાઈ જોગી પોતાની પત્ની અને પુત્રને બેસાડી માંગરોળ આવતા હતા તે દરમ્યાન રૂદલપુર ફાટક પાસે ટ્રકે હડફેટે લેતા સ્કુટરના પાછળ બેસેલા શિવભાઈના પત્ની કાજલબેન ટ્રકના ટાયરમા આવી જતા કાજલ બહેનનું ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે ચાર વર્ષિય પૂત્રીનું ચમત્કારીક બચાવ થયો હતો. બાઈક ચાલક શિવભાઈ અને ચાર વર્ષિય પુત્રીની નજર સામેજ કાજલ બહેન જોગીનું મોત થતાં વાતાવરણ ગમગીન બન્યું હતું. આ ઘટનાને પગલે લોકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ મારફતે મહીલાના મૃતદેહને માંગરોળ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. માંગરોળ પોલીસે ટ્રક ડ્રાઈવરની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડિસેમ્બરની શરૂઆતથી જ શિવરાજપુર બ્લ્યુ ફલેગ બીચ સહેલાણીઓથી ધમધમ્યો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૯

દિપાવલીના તહેવારોમાં ચિકકાર ભીડ બાદ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત દેવભૂમિ દ્વારકાનો શિવરાજપુર બીચ ડિસેમ્બર માસના નાતાલના વેકેશન પૂર્વે માસની શરૂઆતથી જ બહોળી સંખ્યામાં સહેલાણીઓ બેનમૂન બીચની મુલાકાતે આવતાં થયા છે. યાત્રાધામ દ્વારકા તથા બેટ દ્વારકા વચ્ચે આવેલા રાજ્યનું હોટ ફેવરીટ પ્રવાસન સ્થળ પૈકીના એક એવા શિવારજપુર બીચે આવતાં પ્રવાસીઓને લીધે સમગ્ર દ્વારકા ક્ષેત્રના પ્રવાસનને પુનઃ વેગ મળી રહયો છે. ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં હજારો સહેલાણીઓએ બ્લ્યુ ફલેગ બીચનો લુત્ફ ઉઠાવ્યો છે.

પ્રવાસનલક્ષી સુવિધાઓથી સુસજજ બેનમૂન બીચ ઓખામંડળના વરવાળા શિવરાજપુર મોજપની દરીયાઈ પટ્ટીએ આવેલ બેનમૂન બીચ પર સોહામણા અને પ્રમાણમાં શાંત બીચ અને છીછરા પાણીને લીધે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ ફેઈઝમાં કરોડો રૂપિયાના ખર્ચે બીચ નવીનીકરણ હાથ ધરાયું હોય પહેલા ફેઈઝના કામોમાં બીચ પર યાત્રીકલક્ષી સુવિધાઓમાં વધારો કરાયો છે. બ્લ્યુ ફલેગ બીચની આંતરરાષ્ટ્રીય સ્તરની માન્યતા મળ્યા બાદ છેલ્લા દાયકામાં આ બીચ પર સહેલાણીઓની સંખ્યામાં ક્રમશઃ વધારો થતો રહયો છે અને તહેવારો તેમજ વેકેશનના સમયમાં સમગ્ર બીચ એરીયા ભરચકક જોવા મળે છે. રાજયના પ્રવાસન વિભાગ દ્વારા સમયાંતરે પતંગોત્સવ, રેત શીલ્પકળા, સાંસ્કૃતિક આયોજનો સહિત વિવિધ ફેસ્ટીવલનું આયોજન શિવરાજપુર બીચ ખાતે કરવામાં આવે છે. આશરે દસ કીમીની દરીયાઈ પટ્ટી પરના કાચ જેવા ચોખ્ખા બ્લ્યુ વોટરનો નઝારો માણા તથા સનસેટ તેમજ બીચ એકટીવીટીઝ કરી તરોતાજાં થવા સહેલાણીઓની પહેલી પસંદ શિવરાજપુર બીચ બની રહયો છે.

દરીયાઈ જીવસૃષ્ટિ તેમજ પાણીની અંદરની અદભૂત દુનિયાને પ્રત્યક્ષ નિહાળવા અનેક સાહસીક તરવૈયાઓ તથા સ્કૂબા ડાઈવર્સ માટે શિવરાજપુર બીચ પ્રથમ પસંદ બની રહયો છે. ઓકટોબરથી માર્ચના સમયગાળામાં સ્કૂબા ડાઈવર્સ વધુ સારી રીતે દરીયાઈ સૃષ્ટિ નિહાળી શકતા હોય આ સમયમાં વધુ પ્રમાણમાં સ્કૂબા ડાઈવર્સ




શિવરાજપુર બીચની મુલાકાત લે છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકારના ડ્રીમ પ્રોજેકટસ પૈકીનો એક શિવરાજપુર બીચનો વિકાસ હોય અહીં કેન્દ્ર સરકારની સીધી દેખરેખમાં જિલ્લા પ્રવાસન વિભાગ દ્વારા બીચ ડેવલોપમેન્ટ એકટીવીટીઝ તથા ફેઈઝવાઈઝ વિકાસલક્ષી કામગીરી કરાઈ રહી છે. હાલમાં દ્વારકા બાદ અહીંનો સનસેટ પોઈન્ટ પણ પ્રમુખ આકર્ષણનું કેન્દ્ર બની રહયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ડોક્ટર : દેવ કે દાનવ? Choice is yours...

ખ્યાતિ હોસ્પિટલની કુખ્યાતી રાજ્યભરમાં થઈ રહી છે. જગતનો સૌથી ઉદાત્ત વ્યવસાય એટલે ડોક્ટરનો વ્યવસાય, કેમ કે ડોક્ટર માનવને નવું જીવન આપી શકે છે અસાધ્ય રોગોથી પણ બચાવી શકે છે. દુનિયાના સૌથી નોબલ પ્રોફેશન એવા દાક્તરી વ્યવસાય સાથે સંકળાયેલા લોકો ભ્રષ્ટાચાર કરશે તો સમાજ જ નહીં બચે. ખ્યાતિ હોસ્પિટલના ડોક્ટરોએ જે હ્રદયરોગના દર્દી જ ન હતા તેમને માત્રને માત્ર પીએમજેવાય યોજના અંતર્ગત મળતા લાખો રૂપિયાની રોકડી કરવાના દુષ્ટ આશયથી સ્ટેન્ટ મૂકી એન્જીયોપ્લાસ્ટી કરી નાખી! પરિણામે કેટલાક સાજા-સારા દર્દીઓ જે દર્દી જ ન હતા, તેમનું મૃત્યુ થઈ ગયું. આખી ઘટના છાપે ચડી એટલે આરોગ્ય વિભાગ દોડતો થઈ ગયો, કેમ કે સમગ્ર કૌભાંડ આટલા વર્ષોતી કોઇકની રહેમ નજર નીચે જ ચાલી રહ્યું હોય! શંકાની સોય અનેકની સામે તકાઈ રહી છે, પરંતુ આવા અનેક જાનલેવા કૌભાંડોની જેમ મોટા મગરમચ્છો છટકી જશે અને નાની માછલીઓને જાળમાં ફસાવી સિફતથી ભીનું સંકેલાઈ જશે!

ખ્યાતિ હોસ્પિટલ ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પના બહાને જે દર્દીઓ પાસે વડાપ્રધાન જન આરોગ્ય યોજનાનાં કાર્ડ હોય તેમને અલગ તારવી યેનકેન પ્રકારે અનેક પ્રકારની સર્જરીઓ કરાવી સરકારના કરોડો રૂપિયા ઉલેચતી હતી. આમાં શું ઉપર બેઠેલા આકાઓનો હાથ નહીં હોય? બધે જ હાથ પહોંચતા જ હશે, આ તો છીંડે ચડ્યો એ ચોર એ ન્યાયે જે હાથ આવ્યો તેના ઉપર બધું ઢોળી ખરેખર જેણે આ કૌભાંડોમાં પરોક્ષ રહી કરોડો ખાધા છે તે છટકી જશે. આવી તો અનેક કુખ્યાત હોસ્પિટલો દર્દીઓના જીવન સાથે જાનલેવા ખેલ ખેલી રહી છે. અત્યારે ઉપર-ઉપરથી ખાનગી હોસ્પિટલોનું ચેકિંગ કરવાના ખેલ ચાલી રહ્યા છે. પરંતુ આવા માલેતુજાર ડોક્ટરોની કોની સાથે ઉઠબેસ છે એ તપાસો તો જ સાચી ખબર પડે કે આ બધા કૌભાંડોના મુખ્ય સૂત્રધારો કોણ છે.

મેડિકલનો અભ્યાસક્રમ લાંબો અને ખર્ચાળ છે. પરિણામે ડોક્ટરની ડિગ્રી લેતી વખતે લેવાતી પ્રતિજ્ઞા ડોક્ટર ભૂલી જાય છે. કેમ કે એના એથિક્સ જો પાળે તો કમાણી ક્યાંથી કરી શકે? મોટાભાગના ડોક્ટરો પોતાના દર્દીઓ સાથે આંખ મિલાવીને સભ્યતાપૂર્વક ઝાઝી વાત નથી કરતા. પોતાનું કામ ઝટપટ પતાવી તરત દવા લખી આપવામાં લાગી જાય છે અને એ જ દવા લખી આપે છે જે જાયન્ટ ફાર્માસ્યૂટિકલ કંપનીએ લખી આપવા માટે તગડું કમિશન આપ્યું હોય! ડોક્ટરો દર્દી પાસે નિદાન કરવાની ઊંચી ફી વસૂલે એ તો સમજ્યા, પરંતુ જે-તે ફાર્મા કંપનીના સેલ્સમેને આપેલી દવાઓ લખી કંપનીનું ટર્નઓવર વધારી કંપની તરફથી હરામની મોટરગાડી લેવાનો કોઈ અધિકાર નથી.

હવે તો દરેક મોટી હોસ્પિટલની અંદર જ મેડિકલ સ્ટોર હોય છે, જે તેના સગાં જ સંભાળતા હોય છે. જે-તે ડોક્ટરે પ્રિસ્ક્રાઇબ કરેલી દવા નક્કી કરેલા મેડિકલ સ્ટોરમાં જ ઉપલબ્ધ હો છે. અરે, સામાન્ય દવાખાનું ધરાવતા ડોક્ટરોના પણ ખાસ મેડિકલ સ્ટોર હોય છે. જ્યાંથી તેની લખેલી દવા મળી રહે અને તેના માટે દર મહિને ડોક્ટરોને તગડું કમિશન પણ મળતું રહેતું હોય છે. ડોક્ટરોને તો દેવદૂત માનવામાં આવે છે, જ્યારે અત્યારના ડોક્ટરો દાનવથી પણ ગયા-ગુજર્યા છે. જોકે રણમાં મીઠી વીરડી જેવા કેટલાક ડોક્ટરો પણ છે, પરંતુ એમની સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલીજ હશે!

આજકાલ જ્યાં જુઓ ત્યાં બ્રેઇનસ્ટ્રોક, કાર્ડિયાક અરેસ્ટ, કેન્સર એવા જ કોઈ કારણોસર થતા મૃત્યુના સમાચાર સંભળાયછે. ૨૧મી સદીની સૌથી મોટી કોઈ શોધ હોય તો તે માનવજાતનું અજ્ઞાન છે. આ અજ્ઞાનના પાયા ઉપર જ જ્ઞાનનો જબરદસ્ત વેપાર ફૂલ્યોફાલ્યો છે. દર્દી પોતાના આરોગ્ય વિશે અજ્ઞાત છે તેના આ અજ્ઞાનનો જ્ઞાની ડોક્ટરો લાભ લે છે. કહેવાય છે કે દર્દીનો ભય અને ડોક્ટરોનો વૈભવ ભેગા દોડે છે. મેડિકલ ક્ષેત્રે બહુ ઊંચું નામ ધરાવતા આર્થર બ્લૂમફીલ્ડે બહુ સરસ વાત કરી હતી કે રોગ કરતાં તેની દવાથી લોકો વધુ મરે છે. તેમણે તો ત્યાં સુધી કહેલું કે ઈસીજી મશીન એ તો એટમબોમ્બ કરતાં પણ વધુ હાનિકારક છે! કારણ કે ઈસીજી મશીન ડાઉટ ઊભા કરે છે, ડરાવે છે અને જીવીએ ત્યાં સુધી એટેક આવી જશે એવા ભયના ઓથાર નીચે રહીએ છીએ. મૃત્યુના ડરથી જીવવાનું જ છોડી દઈએ છીએ.

આજકાલ એન્જીયોપ્લાસ્ટી અને બાયપાસ સર્જરીનું તૂત ખૂબ ચાલ્યું છે. ખ્યાતિ હોસ્પિટલોની કુખ્યાતિ માટે એન્જીયોપ્લાસ્ટી જવાબદાર છે. એક બહુ સરસ લેખ કોઈ મેગેઝિનમાં વાંચેલો કે 'હાઉ ટુ બાયપાસ ફ્રોમ ધીસ બાયપાસ'. તેમાં લખ્યું હતું કે આવી સર્જરીમાં હોસ્પિટલો અને ડોક્ટરોને જ ફાયદો થાય છે. પેશન્ટને તો સરવાળે બાદબાકી જ છે. જેની પાસે અઢળક પૈસા છે અને મેડિક્લેમ છે તેને હોસ્પિટલો વીઆઈપી સગવડો આપી ખંખેરે છે અને જેની પાસે પીએમજેવાય કાર્ડ છે તેવા ગરીબોને ડરાવીને જરૂર ન હોય તો પણ સર્જરી કરી નાખી મરણોન્મુખ કરી દે છે.

ધનિકો એવું જ માને છે કે અઢળક પૈસાથી હું આરોગ્ય પણ ખરીદી શકીશ. સારું છે કે અહીં નહીં પણ ઈશ્વરના દરબારમાં ન્યાય છે. ક્યાંય કોઈ પૈસાના જોરે એક મિનિટ લાંબુ જીવ્યો હોય તેવા દાખલા નથી. તમારું પ્રિપેડ કાર્ડ પૂરું થયું, તમારી ટિકિટ કપાઈ ગઈ એટલે લાખો કરોડો મૂકી ચાલતી જ પકડવી પડે! નહીં તો પૈસાના જોરે આવા ધનિકો યમરાજાને પણ બાય વન ગેટ થ્રી જેવી ઓફર મૂકે! સારું છે કે યમરાજા અને તેમની ટીમ લાંચ નથી લેતી કે ભ્રષ્ટાચાર નથી કરતી. નહીં તો વજીરાણી જેવા ડોક્ટરો તેમને પણ ડરાવી-ધમકાવી એન્જીયોપ્લાસ્ટી કરી નાખે તેવા છે. ગુજરાતના અતિ પ્રતિષ્ઠિત ગણાતા કાર્ડિયાક સર્જનો પણ વિદેશમાં આઉટ ઓફ ડેટ થયેલા સ્ટેન્ટ સસ્તી કિંમતે લઈ ભારતમાં દર્દીઓના શરીરમાં નાખી તેમના આરોગ્ય સાથે ખેલે છે, પરંતુ તેમના નામ અને પ્રતિષ્ઠાને કારણે બધે ભીનું સંકેલાઈ જાય છે.

'આનંદ' મૂવીમાં ડોક્ટર તેના મિત્રને કહે છે કે 'દર્દ નહીં બઢાઉંગા તો દવા કૈસે બેચુંગા?' આ સાંભળી તેનો પ્રામાણિક મિત્ર કહે છે કે 'અગર યહી કરના થા તો ડોક્ટર બનને કે બજાય તેલી ક્યું નહીં બને?' દરેક ડોક્ટર આ મૂવી જુએ તો સમજે કે ડોક્ટર હોવું એટલે શું? એક ઉદાત્ત વ્યવસાયને ધંધો તો ન બનાવો, નહીં તો ઈશ્વરના દરબારમાં જવાબ આપવો ભારે પડી જશે.

# ડિસેમ્બરના પ્રારંભથી જ શિવરાજપુરનો બ્લ્યુ ફલેગ બીચ સહેલાણીઓથી ધમધમ્યો



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૯

દ્વારકા પંથકમાં દીપોત્સવીના તહેવારોમાં હકડેઠઠ જનમેદનીની ભીડ બાદ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત દેવભૂમિ દ્વારકા જિલ્લાનો શિવરાજપુર બીચ હાલ ડિસેમ્બર માસમાં નાતાલના વેકેશન પૂર્વે માસની શરૂઆતથી જ બહોળી સંખ્યામાં સહેલાણીઓ આ બેનમૂન બીચની મુલાકાતે આવતા થયા છે. યાત્રાધામ દ્વારકા તથા બેટ દ્વારકા વચ્ચે આવેલા રાજ્યના હોટ ફેવરીટ પ્રવાસન સ્થળ પૈકીના એક એવા શિવરાજપુર બીચ ખાતે આવતા પ્રવાસીઓને લીધે સમગ્ર દ્વારકા ક્ષેત્રના પ્રવાસનને પુનઃ વેગ મળી રહ્યો છે. ડિસેમ્બર માસના પહેલા અઠવાડિયામાં હજારો સહેલાણીઓએ બ્લ્યુ ફલેગ બીચનો લુત્ફ ઉઠાવ્યો છે.

**પ્રવાસનલક્ષી સુવિધાઓથી સુસજ્જ બેનમૂન બીચ**

ઓખા મંડળના વરવાળા, શિવરાજપુર અને મોજપ ગામની દરીયાઈ પટ્ટી ઉપર આવેલા આ બેનમૂન બીચ પર સોહામણા અને પ્રમાણમાં શાંત બીચ અને છીછરા પાણીને લીધે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ ફેઈઝમાં કરોડો રૂપિયાના ખર્ચે બીચ નવીનીકરણ હાથ ધરાયું હોય, પહેલા ફેઈઝના કામોમાં બીચ ઉપર યાત્રિકોલક્ષી સુવિધાઓમાં વધારો કરાયો છે. બ્લ્યુ ફલેગ બીચની આંતરરાષ્ટ્રીય સ્તરની માન્યતા મળ્યા બાદ છેલ્લા દાયકામાં આ બીચ પર સહેલાણીઓની સંખ્યામાં ક્રમશઃ વધારો થતો રહ્યો છે અને તહેવારો તેમજ વેકેશનના સમયમાં સમગ્ર બીચ વિસ્તાર ભરચક્ક જોવા મળે છે. શિવરાજપુર બીચ ખાતે રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા પણ સમયાંતરે પતંગોત્સવ, રેત શીલ્પકળા, સાંસ્કૃતિક આયોજનો સહિત વિવિધ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે. આશરે દસ કિ.મી.ની આ દરીયાઈ પટ્ટી પરના કાચ જેવા ચોખ્ખા બ્લ્યુ વોટરનો નઝારો માણવા તથા સનસેટ તેમજ બીચ એક્ટિવીટીઝ કરીને તરોતાજા થવા સહેલાણીઓની પહેલી પસંદ શિવરાજપુર બીચ બની રહયો છે.

**સ્કૂબા ડાઈવર્સમાં શિવરાજપુર બીચ હોટ ફેવરીટ**

દરીયાઈ જીવસૃષ્ટિ તેમજ પાણીની અંદરની અદભૂત દુનિયાને પ્રત્યક્ષ નિહાળવા અનેક સાહસીક તરવૈયાઓ તથા સ્કૂબા ડાઈવર્સ માટે શિવરાજપુર બીચ પ્રથમ પસંદ બની રહયો છે. ઓકટોબરથી માર્ચના વધુ સારી રીતે દરીયાઈ આ સમયમાં વધુ શિવરાજપુર બીચની સરકાર અને રાજ્ય પૈકીનો એક શિવરાજપુર કેન્દ્ર સરકારની



સીધી સમયગાળામાં સ્કૂબા ડાઈવર્સ સૃષ્ટિ નિહાળી શકતા હોય પ્રમાણમાં સ્કૂબા ડાઈવર્સ મુલાકાત લે છે. કેન્દ્ર સરકારના ડ્રીમ પ્રોજેકટસ બીચનો વિકાસ હોય, અહીં દેખરેખમાં જિલ્લા પ્રવાસન વિભાગ દ્વારા બીચ ડેવલોપમેન્ટ એક્ટિવીટીઝ તથા ફેઈઝવાઈઝ વિકાસલક્ષી કામગીરી કરાઈ રહી છે. હાલમાં દ્વારકા બાદ અહીંનો સનસેટ પોઈન્ટ પણ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. સાંજના સમયે શિવરાજપુર બીચના સુંદર દ્રશ્ય ઉપરથી સનસેટને નિહાળવા દૂરદૂરથી સહેલાણીઓ ઉમટી પડે છે અને બે કિ.મી. લાંબા બીચ પરથી સેલ્ફી વીથ સનસેટ લઈ રહ્યા છે. તો મોટાભાગના પ્રવાસીઓ આ સનસેટને કેમેરામાં કેદ કરતા જોવા મળે છે. ડિસેમ્બરમાં ક્રિસમસના ટ્રાફીકને લીધે આગામી માર્ચ માસ સુધી શિવરાજપુર બીચ પ્રવાસીઓથી ધમધમશે એવો આશાવાદ વ્યકત કરાયો છે.

# ભાણવડમાં પ્રેમલગ્ન પ્રકરણનો ખાર રાખીને આધેડ ઉપર ચાર શખ્સો દ્વારા જીવલેણ હુમલો



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૯

ભાણવડ પંથકના કલ્યાણપુર વિસ્તારમાં રહેતા એક આહીર આધેડના કુટુંબીજન દ્વારા થોડા સમય પૂર્વે એક પરિવારની યુવતી સાથે કરવામાં આવેલા પ્રેમલગ્નના પ્રકરણમાં યુવતી પરિવારના ચાર શખ્સોએ મારી નાખવાના ઈરાદાથી હુમલો કરતા આ પ્રકરણમાં પોલીસે તાકીદની કાર્યવાહી કરી, અને આરોપીઓને દબોચી લીધા હતા. આ બનાવ અંગે ભાણવડ તાલુકાના કલ્યાણપુર ગામે રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા ગોવિંદભાઈ કનુભાઈ ભારવાડીયા નામના ૫૦ વર્ષના આહિર આધેડે આ જ વિસ્તારના રહીશ હમીર ભાયાભાઈ કરમુર, વિનોદ ભાયાભાઈ કરમુર, ભીખુ ખીમાભાઈ કરમુર અને રામદે ટપુભાઈ કરમુર નામના ચાર શખ્સો સામે ભાણવડ પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે. જેમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ફરિયાદી ગોવિંદભાઈના કુટુંબી એવા એક યુવાને આજથી આશરે દોઢેક માસ પૂર્વે આરોપી પરિવારની એક પુત્રીને ભગાડીને પ્રેમ લગ્ન કર્યા હતા. આ બાબતનું મન દુઃખ રાખીને ગુરૂવાર તા. ૫ ડિસેમ્બરના રોજ ગોવિંદભાઈ ભારવાડીયા તેમના મોટરસાયકલ પર કપાસિયા લઈને કાટકોલા ગામ તરફ જતી સીમના રસ્તે જઈ રહ્યા હતા. ત્યારે આરોપીઓએ મોટરકારમાં આવીને ગોવિંદભાઈના મોટરસાયકલ આડે પોતાનું વાહન રાખી દીધું હતું. લોખંડના પાઈપ તેમજ લાકડાના ધોકા જેવા હથિયારો સાથે આવેલા આરોપીઓએ "આજે તો તને મારી નાખવો છે"- તેમ કહીને ગેરકાયદેસર રીતે મંડળી રચીને મારી નાખવાના ઈરાદાથી હુમલો કરીને તેમને ફેક્ચર સહિતની ઈજાઓ પહોંચાડી હતી. આ બઘડાટી અને દેકારા દરમ્યાન આસપાસના રહીશો અહીં આવી જતા આરોપીઓ પોતાના હથિયારો લઈને નાસી છૂટ્યા હતા. જતા જતા આરોપીઓએ "જો તું પોલીસ ફરિયાદ કરીશ તો તને તથા તારા દીકરાને જાનથી મારી નાખીશું"- તેવી ધમકી પણ ઉચ્ચારી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસે તમામ ચાર આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પીએસઆઈ કે.કે. મારુ દ્વારા હાથ ધરવામાં આવી હતી. હત્યાના પ્રયાસના આ ગંભીર બનાવ સંદર્ભે પોલીસે જરૂરી પુરાવાઓ એકત્ર કરી અને આ પ્રકરણમાં પીઆઈ પી.પી. બ્રહ્મભટ્ટ તેમજ તપાસનીસ અધિકારી મારુની ટીમ દ્વારા હ્યુમન સોર્સના આધારે ગણતરીના કલાકોમાં આરોપી હમીર ભાયાભાઈ, વિનોદ ભાયાભાઈ, ભીખુ ખીમાભાઈ અને રામદે ટપુભાઈની આ ગુનામાં ઉપયોગમાં લીધેલા હથિયારો તેમજ વાહન સાથે ધરપકડ કરી આગળની કાર્યવાહી કરી હતી.

## ખંભાળિયામાં હોમ ગાર્ડઝ સ્થાપના દિને સ્કૂટર રેલી યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયામાં હોમ ગાર્ડઝ સ્થાપના દિને નિમિત્તે તા. ૬ ડિસેમ્બરના રોજ એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા હોમ ગાર્ડ કમાન્ડન્ટ સંદિપ ખેતિયાના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રકારના સામાજિક સંદેશના પ્રચાર સાથેના બેનરો અને સ્લોગન એવા સ્વછતા અભિયાન, જળ એ જ જીવન, બેટી બચાવો બેટી પઢાવો, વ્યસન મુક્તિ, વિગેરે બેનરો સાથેની આ રેલી અહીંના જોધપુર ગેઈટ ચોકમાં ગાંધીજીની પ્રતિમાને ફૂલહાર કરી, સુતરની આંટી પહેરાવીને પ્રારંભ થઈ હતી. જે શહેરના જુદા જુદા રાજમાર્ગો પર ફરીને સંપન્ન થઈ હતી.

# બાંગ્લાદેશમાં હિન્દુ લોકો ઉપર થઈ રહેલા અમાનુષી ત્રાસના વિરોધમાં ખંભાળિયામાં ઉગ્ર વિરોધ : રેલી સ્વરૂપે કલેકટરને આવેદન અપાયું





(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૯

બાંગ્લાદેશમાં હિંદુઓ ઉપર થઈ રહેલા અત્યાચારોથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના રહેવાસીઓ ભારે વ્યથિત બન્યા છે. તાજેતરમાં બાંગ્લાદેશમાં હિંદુઓના મંદિરો અને ઘરો પર હુમલા, હિંસા અને ઉત્પીડનની અનેક ઘટનાઓ નોંધાઈ છે. તેને ખુબ જ દુઃખદ અને ચિંતાજનક ગણાવીને ગઈકાલે શુક્રવારે ખંભાળિયામાં હિન્દુ અસ્મિતા મંચ દ્વારા બેનરો સાથે રેલી સ્વરૂપે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશમાં હિન્દુ રહીશો પર થઈ રહેલી હિંસક ઘટનાઓ અને તેમના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન અત્યંત ચિંતાજનક ગણાવવામાં આવ્યું છે. જેથી બાંગ્લાદેશમાં બંધારણનું ગળું દબાવવામાં આવી રહ્યું હોવાનું અને હિન્દુ સમુદાયને નિશાન બનાવવામાં આવી રહ્યો હોવાના સુર સાથે શુક્રવારે સાંજે અહીંના જોધપુર ગેઈટ વિસ્તારમાંથી એક વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બાંગ્લાદેશમાં મંદિરો પર હુમલા, તોડફોડ, મૂર્તિઓની અપવિત્રતા અને આગચંપીનો તેમજ અહીં હિન્દુઓના મકાનોમાં તોડફોડ અને સંપતિની લૂંટ, આ સમુદાયના લોકો પર સતત થતા હુમલા, ધર્મ પરિવર્તન માટે દબાણ વચ્ચે હિન્દુઓને સરકારી રક્ષણનો અભાવ સહિતના આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં લઈ અને બાંગ્લાદેશ સરકારને મજબૂત સંદેશ મોકલવા આવેદનપત્રમાં લેખિત માંગ કરવામાં આવી છે. બાંગ્લાદેશ સરકાર દ્વારા ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવા તેમજ ભારત સરકાર દ્વારા હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને તેમને તેમના ધર્મ અને સંસ્કૃતિનું પાલન કરવાની સ્વતંત્રતા આપવા માટે બાંગ્લાદેશ સરકાર પર દબાણ લાવવામાં આવે તેવી પણ માંગ કરાઈ છે. આ પૂર્વે અહીંના જોધપુર ગેઈટ ચોકમાં એક જાહેર સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં હિન્દુ અસ્મિતા મંચના કાર્યકરો, આગેવાનો તેમજ સંતો-મહંતો સાથે બહેનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ગંગા સમાન કોઈ તીર્થ નથી.

- અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર સુદ-૮ દૂર્ગાષ્ટમી, નોમનો ક્ષય છે, શ્રી હરિ નવમી, પંચક તા.૯ ડિસેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૭, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, સિધ્ધિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૨૧, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સવારે ૯:૧૪ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૦૯-૧૨-૨૦૨૪ થી ૧૫-૧૨-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત અને સ્વાસ્થય ટકાવી રાખવા હિતાવહ. દ્રઢતા અને મક્કમતા કેળવવા માનસિક સ્વાસ્થય જાળવી શકશો તો પરિસ્થિતની સાનુકૂળતા રહેશે. નાણાંકીય મૂંઝવણ રહ્યા કરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાતને અટકેલા લાભો મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સમય દરમિયાન માનસિક ઉત્પાત કે અજંપો વર્તાય. આત્મવિશ્વાસ અડગ રાખવું. તમારા વિચારો અને સિધ્ધાંતોને વળગી ન રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી દ્વારા યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક અને સહનશીલતાસભર વર્તન કરવું. સંતાનો સાથે સારૂં રહે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એક બાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે જેથી નાણાંભીડનો સામનો કરવો પડે. નોકરી ક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકશો નહીં. વિરોધીઓના કારણે વિઘ્નો આવે. વેપાર-ધંધા ક્ષેત્રે પણ સંઘર્ષમય સ્થિતિ રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન અકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે. મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવું. નાણાંકીય જવાબદારી વધે, આવક કરતા જાવક વધે. આ સમય દરમિયાન નાણાંનુ રોકાણકરવું નહિં કે મોટા સાહસમાં ન પડવું હિતાવહ. નોકરીયાત માટે આ સમય સારો છે. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અનુભવાય. બેચેની રહે, મનને પ્રવૃત્તિમાં રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જવાની શકયતા છે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. એકંદરે મીશ્ર અઠવાડીયુ છે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન જૂના મિત્રો, સગા-સંબંધીઓની મુલાકાત થાય. જે લાભદાયી રહે. વ્યર્થ ચિંતાને કારણે અકારણ ગુસ્સો રહ્યા કરે. જીવનસાથી કે સંતાનના આરોગ્ય અંગે સંભાળ રાખવી જરૂરી બને. આર્થિક સમસ્યા દૂર થાય. અણધાર્યો ધન લાભ થાય. અટકી પડેલા કાર્યો આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક તાણનો અનુભવ થાય. વ્યર્થ ઉત્પાત કરતા ધીરજ ધરી કાર્યો કરવા. કોઈપણ નિર્ણય ઉતાવળે ન લેવા. નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળે. આવકવૃધ્ધિના તમારા પ્રયત્નોમાં જરૂરી સફળતા મળે. તેમ છતાં કૌટુંબિક ક્ષેત્રે ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન એક નવિન અનુભવ અને ચંચળતા આપનાર નીવડે. ધાર્મિક કાર્યમાં પ્રવૃત્ત રહેવું. નવિન મિલન-મુલાકાત કે મુસાફરીથી હ્રદય અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરે. પારિવારીક સમસ્યાઓને વાટાઘાટો દ્વારા હલ લાવી શકાય. નાણાંનો દૂરવ્યય થતો અટકે. સાસરાપક્ષ કે મોશાળપક્ષ તરફથી નાનોએવો લાભ મળે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહમાં તમારા મનના મનોરથ ધીરે-ધીરે સફળ થતા જણાય. આ ઉપરાંત પ્રિયજનથી વિશેષ લગાવ રહે. તેના સાથે મનદુઃખ હોય તો દૂર થશે. અણધાર્યો લાભ મેળવી શકશો. કોર્ટ-કચેરી અને જમીનને લગતા કાર્યોમાં લાભ પરંતુ આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. મનમાં ચિંતા હશે તે પણ દૂર થાય તેવું બને.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન કાર્યબોજ વિશેષ રહે જેથી વ્યસ્ત રહેવાય. નાણાંકીય આયોજનોને સફળતાથી પાર પાડી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. અણધાર્યો પ્રવાસ કે મુસાફરી થાય. લાભની આશા ઠગારી નીવડે. અકારણ ક્રોધના ભોગ બનો. ગુપ્ત શત્રુવર્ગની પ્રબળતા છતાં પણ હિમ્મતથી વર્તાવથી નુક્શાનીમાંથી બચી જવાય.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન જમીન, મકાન, વાહન, વ્યવસાયને લગતા કાર્યો માટે સમય સાનુકૂળ રહે. એકંદરે આ સપ્તાહ દરમિયાન રોકાયેલા નાણાં છૂટા થાય. મુંઝવણમાંથી માર્ગ કાઢી શકશો. જૂના સ્નેહિવર્ગ દ્વારા પણ લાભ પ્રાપ્ત કરી શકશો પરંતુ વાણીસંયમ જાળવવો અનિવાર્ય બની જાય. જીવનસાથીને મનદુઃખ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નવિન યોજનાઓ કે અગત્યના કાર્યમાં મંદગતિએ સફળતા મેળવી શકશો. શત્રુ પક્ષથી ખાસ સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં નાણાંનો વ્યય થાય તેવા સંજોગો છે. પરોપકારીના કાર્યમાં પણ સાવધાની જરૂરી છે. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહપૂર્વક રહે.

# અમેરિકન યુનિવર્સિટીઓમાં વિદેશી વિદ્યાર્થીઓ માટે ટ્રમ્પ ૨.૦નો અર્થ શું હશે ?

## ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર કહ્યું છે કે, યુનિવર્સિટી કેમ્પસમાં પેલેસ્ટીન તરફી દેખાવકારો પ્રત્યે પૂર્વ રાષ્ટ્રપતિ બાઈડેનનો અભિગમ 'નબળો' હતો અને તેમને દેશનિકાલ કરવાની અને 'કોલેજ કેમ્પસને ફરીથી સુરક્ષિત અને દેશભક્તિ' બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી



(એજન્સી) તા.૯

ડોનાલ્ડ ટ્રમ્પને યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યાના ત્રણ અઠવાડિયા કરતાં પણ ઓછા સમય પછી અમેરિકાની કેટલીક ટોચની યુનિવર્સિટીઓએ ૨૦ જાન્યુઆરીએ ચૂંટાયેલા નવા પ્રમુખના શપથ ગ્રહણ પહેલાં યુએસ પાછા ફરવા માટે વિદેશી દેશોમાંથી તેમના વિદ્યાર્થીઓ માટે મુસાફરી સલાહો જારી કરી હતી. કેટલાક આંતરરાષ્ટ્રીય મીડિયા આઉટલેટ્સે અગ્રણી યુએસ યુનિવર્સિટીઓ દ્વારા હાલમાં વિદેશમાં રહેલા તેમના વિદ્યાર્થીઓને મોકલવામાં આવેલા સંદેશાવ્યવહારની સમીક્ષા અને અવતરણ કર્યું છે. વેસ્લીયન યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ અફેર્સ ઓફિસ તરફથી એક ઈમેલમાં લખવામાં આવ્યું હતું કે,'દેશમાં પુર્નઃ પ્રવેશ કરવામાં મુશ્કેલી ટાળવાનો સૌથી સુરક્ષિત રસ્તો એ છે કે ૧૯મી જાન્યુઆરીએ અને તે પછીના વસંત સેમેસ્ટરના દિવસોમાં યુએસમાં પ્રત્યક્ષ રીતે હાજર રહેવું'. યુનિવર્સીટી ઓફ મેસેચ્યુસેટ્સે ઈન્સ્ટાગ્રામ ઉપરની એક પોસ્ટમાં સલાહ આપતા લખ્યું છે કે, 'અમે મુસાફરી પ્રતિબંધ લાગુ કરવામાં આવે તો કેવો દેખાશે તે અંગે અનુમાન કરી શકતા નથી અને વિશ્વના કયા ચોક્કસ દેશો અથવા પ્રદેશોને અસર થઈ શકે છે કે નહીં તે અંગે પણ અમે અનુમાન કરી શકીએ નહીં.' તેના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ, વિદ્વાનો, ફેકલ્ટી અને UMass ઈમિગ્રેશન સ્પોન્સરશિપ હેઠળનો સ્ટાફ ટ્રમ્પના શપથ ગ્રહણ પહેલા યુએસ પરત ફરશે. યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે, 'ઓફિસ ઓફ ગ્લોબલ અફેર્સ ખૂબ જ સાવધાનીથી આ સલાહ આપી રહી છે જેથી આશા છે કે અમારા આંતરરાષ્ટ્રીય સમુદાયના સભ્યોને મુસાફરીમાં કોઈ સંભવિત વિક્ષેપ ન આવે.' દરમ્યાન મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી (MIT)એ વિદ્યાર્થીઓને સલાહ આપી કે નવું વહીવટીતંત્ર કઈ નીતિઓ પસાર કરી શકે છે તે અંગેની અફવાઓ અથવા અટકળોના આધારે નિર્ણયો ન લે- પરંતુ વિદ્યાર્થીઓને એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે નવી ઈમિગ્રેશન અથવા ટ્રાવેલ પોલિસી જાન્યુઆરી પહેલા લાગુ થઈ શકે છે. વિશ્વવિદ્યાલયોની ચિંતાઓ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને તેના જેવા ફેકલ્ટીઓ માટે ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમ્યાન અમલમાં મુકવામાં આવેલા પ્રવાસ પ્રતિબંધ અને વિઝા પ્રતિબંધોની વ્યાપક અપેક્ષાને કારણે ઉદ્ભવે છે. ૨૦૧૭માં તેમના પ્રમુખપદના એક અઠવાડિયામાં, ટ્રમ્પે સાત મુસ્લિમ બહુમતી રાષ્ટ્રોના નાગરિકોના યુએસમાં પ્રવેશને ૯૦ દિવસ માટે પ્રતિબંધિત કરતા એક્ઝિક્યુટિવ ઓર્ડર ઉપર હસ્તાક્ષર કર્યા હતા. કેટલાક ગ્રીન કાર્ડ ધારકો (યુએસમાં કાયમી રહેવાસીઓ)ને પણ યુએસમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. આ પછી કેટલાક વિદેશી નાગરિકો, ખાસ કરીને મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા દેશો અને વેનેઝુએલા અને ઉત્તર કોરિયા જેવા અન્ય લોકો માટે શ્રેણીબદ્ધ પ્રતિબંધો અને મુસાફરી પ્રતિબંધો હતા. ચીનના નાગરિકો ઉપર વિઝા પ્રતિબંધો અને પ્રતિબંધો પણ લાદવામાં આવ્યા હતા, જ્યારે 'ઓપન ડોર્સ ૨૦૨૪ રિપોર્ટ ઓન ઈન્ટરનેશનલ એજ્યુકેશનલ એક્સચેન્જ'ના ડેટા અનુસાર, ચીન ૨૦૨૩-૨૦૨૪માં ૨,૭૭,૩૯૮ વિદ્યાર્થીઓ સાથે યુએસમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ મોકલનાર બીજા ક્રમે રહ્યું હતું. આ યાદીમાં ભારત ૩,૩૧,૬૦૨ વિદ્યાર્થીઓ સાથે મોખરે છે. ટ્રમ્પે ઓગસ્ટ ૨૦૧૮માં ટિપ્પણી કરી હતી કે અમેરિકન યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવા આવતા દરેક ચાઈનીઝ વિદ્યાર્થી 'જાસૂસ' છે. બાદમાં તેમણે 'એકેડેમિયા, મીડિયા અને સરકારમાં પણ કામ કરતા હજારો SPIES' ઉપર કાર્યવાહી કરવાની પ્રતિજ્ઞા લીધી.

**પેલેસ્ટાઈન તરફી આંદોલન :** ગત વર્ષે અમેરિકન યુનિવર્સિટીઓને અલગ પ્રકાશમાં દર્શાવવામાં આવી છે. પ્રતિષ્ઠિત કોલંબિયા યુનિવર્સિટીથી શરૂ કરીને અમેરિકાની કેટલીક ટોચની યુનિવર્સિટીઓમાં ગાઝા ઉપરના તેના 'નરસંહાર' યુદ્ધના પગલે ઈઝરાયેલ પાસેથી વિનિવેશની માંગ સાથે વ્યાપક વિરોધ જોવા મળ્યો હતો. સમગ્ર યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારીઓએ કેમ્પસમાં છાવણીઓ સ્થાપવા, સ્પષ્ટ માંગણીઓ કરવા અને ગાઝા ઉપર ઈઝરાયેલના યુદ્ધની આસપાસના વર્ણનને સ્થાનાંતરિત કરવા સહિતના પ્રદર્શનોમાં ભાગ લીધો હતો. રાજકારણીઓની ધમકીઓ, યુનિવર્સિટી વહીવટીતંત્રની ધાકધમકી અને મીડિયા દ્વારા તેમને સેમિટિક વિરોધી તરીકે લેબલ કરવામાં આવ્યા ઉપરાંત બાઈડેન વહીવટ હેઠળ પોલીસ દ્વારા વિરોધીઓ સામે હિંસક કાર્યવાહી કરવામાંઆવી હતી. જો કે, ટ્રમ્પે વારંવાર કહ્યું છે કે વિરોધીઓ પ્રત્યે બાઈડેનનો અભિગમ 'નબળો' હતો. તેણે વિરોધીઓને 'હમાસ તરફી કટ્ટરપંથી' તરીકે લેબલ કર્યું અને તેમને દેશનિકાલ કરવાની અને 'કોલેજ કેમ્પસને ફરીથી સુરક્ષિત અને દેશભકત' બનાવવાની પ્રતિજ્ઞા લીધી. ચૂંટણી પહેલા ચૂંટાયેલા અમેરિકી વાઈસ પ્રેસિડેન્ટ જેડી વેન્સે જણાવ્યું હતું કે, 'જો આપણામાંથી કોઈ આપણા દેશ માટે અને તેમાં રહેતા લોકો માટે જે કરવા માંગે છે તે કરવા માંગે છે, તો આપણે પ્રામાણિકપણે અને આક્રમક રીતે આ દેશની યુનિવર્સિટીઓ પર સિકંજો કસવો પડશે.' વર્જિનિયા ટેકના ટીચિંગ ફેલો મોહમ્મદ શાને જણાવ્યું હતું કે, ''વિયેતનામ યુદ્ધ અને અન્ય દુર્લભ ઘટનાઓ સિવાય યુ.એસ.ના વહીવટીતંત્ર માટે યુનિવર્સિટીઓ ક્યારેય ખતરો બની નથી. હવે પેલેસ્ટીન ઉપરના નરસંહારે ફરી એકવાર યુનિવર્સિટીની જગ્યાઓ જાગૃત કરી છે. પરંતુ મને લાગે છે કે આગામી વર્ષોમાં યુનિવર્સિટીઓ ઉપર નિયમન વધી શકે છે,''. આમાંના કેટલાક નિયમો 'એજન્ડા ૪૭'માં વિગતવાર છે, જે તાજેતરમાં પૂર્ણ થયેલી ચૂંટણી માટે ટ્રમ્પના મેનિફેસ્ટો છે. ૧ નવેમ્બરના રોજ એક વીડિયોમાં ટ્રમ્પે અમેરિકન યુનિવર્સિટીઓના નવા વિકલ્પની જાહેરાત કરી હતી જેનું નામ 'અમેરિકન એકેડમી' રાખવામાં આવશે. ટ્રમ્પે જણાવ્યું હતું કે સંસ્થાની સ્થાપના 'અબજો અને અબજો ડોલરનો ઉપયોગ કરીને કરવામાં આવશે જે અમે ટેક્સ, દંડ અને અતિશય મોટી ખાનગી યુનિવર્સિટીઓ ઉપર દાવા દ્વારા એકત્રિત કરીશું.' તેમણે જણાવ્યું હતું કે સંસ્થાનો ઉદ્દેશ્ય 'દરેક અમેરિકનને મફતમાં દેશના દેવામાં એક પણ પૈસોનો વધારો કર્યા વિના વિશ્વસ્તરીય શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો છે'. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે,'તે સંપૂર્ણ રીતે બિન-રાજકીય હશે અને ત્યાં કોઈ ચળવળ અથવા જેહાદવાદને મંજૂરી આપવામાં આવશે નહીં'. ગયા વર્ષે જુલાઈમાં બહાર પાડવામાં આવેલા અગાઉના વીડિયોમાં ટ્રમ્પે કૉલેજ માન્યતા પ્રણાલીનો ઉપયોગ કરીને અમેરિકાની 'કટ્ટરપંથી ડાબેરીઓમાંથી એક વખતની મહાન શૈક્ષણિક સંસ્થાઓ' ઉપર ફરીથી દાવો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી, જેને તેમણે તેમના 'ગુપ્ત શસ્ત્ર' તરીકે ઓળખાવી હતી. તેમણે કહ્યું હતું કે, 'જ્યારે હું વ્હાઈટ હાઉસમાં પાછો ફરૂં છું, ત્યારે હું કટ્ટરપંથી ડાબેરી માન્યતાકારોને કાઢી નાખીશ જેણે આપણી કોલેજોને માર્કસવાદી પાગલોનું પ્રભુત્વ બનવાની મંજૂરી આપી છે. અમે પછી નવા માન્યતા આપનારાઓની અરજીઓ સ્વીકારીશું જેઓ કોલેજો ઉપર વાસ્તવિક ધોરણો લાદશે,'. તેમણે સમજાવ્યું,'આ ધોરણોમાં અમેરિકન પરંપરા અને પશ્ચિમી સભ્યતાની રક્ષા, વાણીની સ્વતંત્રતાનું રક્ષણ, ખર્ચમાં અવિશ્વસનીય રીતે વધારો કરતા નકામા વહીવટી હોદ્દાઓને દૂર કરવા, તમામ માર્કસવાદી વિવિધતા, સમાનતા અને સમાવેશી અમલદારોને દૂર કરવાનો સમાવેશ થાય છે,'. મીડિયાએ ઓક્ટોબરમાં અહેવાલ આપ્યો હતો કે ગૃહના બહુમતી નેતા સ્ટીવ સ્કેલિસે ઈઝરાયેલ તરફી લોબી જૂથ અમેરિકન ઈઝરાયેલ પબ્લિક અફેર્સ કમિટી (AIPAC) સાથેની બેઠકમાં અબજો ડોલરનું ફેડરલ ભંડોળ ખેંચવા અને અમેરિકન યુનિવર્સિટીઓ 'તેમના કેમ્પસમાં પેલેસ્ટીન તરફી વિરોધને મંજૂરી આપવા બદલ તેમને સજા કરવા કેટલાક ટોચના લોકો પાસેથી માન્યતા છીનવી લેવાની વિગતવાર યોજના બનાવી હતી. ટ્રમ્પે શિક્ષણ વિભાગને તોડી પાડવા અને 'બધા શિક્ષણને પાછા રાજ્યોમાં મોકલવાની પ્રતિજ્ઞા પણ લીધી છે.' તેમણે કહ્યું, 'અમે વોશિંગ્ટન ડીસીમાંથી બહાર આવતા શિક્ષણને સમાપ્ત કરવા જઈ રહ્યા છીએ, તેને બંધ કરી દઈશું, તે તમામ ઈમારતો અને લોકો કે જેઓ અમારા બાળકોને નફરત કરે છે.' તેમણે કહ્યું કે,'અમે ઈચ્છીએ છીએ કે રાજયો અમારા બાળકોનું શિક્ષણ ચલાવે કારણ કે તેઓ તેના માટે વધુ સારૂં કામ કરશે. તમે વધુ ખરાબ નહીં કરીર શકો,' તેમણે દાવો કરતાં કહ્યું કે શિક્ષણ ઉપર અન્ય કોઈપણ રાષ્ટ્ર કરતાં ત્રણ ગણા વધુ નાણાં ખર્ચવા છતાં, ''અને છતાં અમે એકદમ તળિયે છીએ, અમે સૌથી ખરાબમાંના એક છીએ.'' ફોર્બ્સના અહેવાલ મુજબ, શિક્ષણ વિભાગને બંધ કરવાથી શાળાઓ અને કોલેજો માટેના નિર્ણાયક ભંડોળમાં ઘટાડો થશે, વિશેષ શિક્ષણના પ્રયત્નોને અપંગ બનાવશે અને નાગરિક અધિકારોના અમલીકરણમાં અવરોધ આવશે. આ યોજનાનો ઉલ્લેખ કુખ્યાત 'પ્રોજેક્ટ ૨૦૨૫'માં પણ કરવામાં આવ્યો છે, જે જમણેરી થિંક ટેન્ક હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા એકસાથે મૂકવામાં આવેલી નીતિ્ દરખાસ્તોની શ્રેણી છે. ટ્રમ્પે આ પહેલથી આનાથી પોતાને દૂર કર્યા હોવા છતાં, તેમના વહીવટમાં સામેલ કરાયેલા મોટા ભાગના ટોચના અધિકારીઓ હાર્ડ કોર રૂઢિચુસ્ત છે જેમણે પ્રોજેક્ટ સાથે કામ કર્યું છે. જો કે, વર્જિનિયા ટેકના શાન માને છે કે તે ટ્રમ્પ અને તેના સાથીઓ માટે સરળ નહીં હોય. શાને કહ્યું,'મને નથી લાગતું કે તે શિક્ષણ વિભાગને નાબૂદ કરતું બિલ પસાર કરી શકશે કારણ કે તેને કોંગ્રેસની મંજૂરી માટે ડેમોક્રેટ્સના મતની જરૂર છે. તેનો ખતરો તોળાય છે. પરંતુ જો તે આમ કરશે, તો તે અમેરિકન વિદ્યાર્થીઓને વધુ અસર કરશે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને તેથી મજબૂત સ્થાનિક પુશબેકની અપેક્ષા છે,'. શાનના મતે, હેરિટેજ ફાઉન્ડેશનનો બીજો પ્રોજેક્ટ વિદેશી વિદ્યાર્થીઓ પર જોખમી છે, જે ટ્રમ્પ દ્વારા અમલમાં મુકાય તેવી શક્યતા વધુ છે. તેમણે કહ્યું, 'મને લાગે છે કે ટ્રંપ હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા બનાવવામાં આવેલ પ્રોજેક્ટ એસ્થર તરીકે ઓળખાતા પ્રોજેક્ટને અમલમાં મૂકશે. આ પ્રોજેક્ટ અમેરિકન મૂલ્યો માટે જોખમી ગણાતા યુનિવર્સિટીની જગ્યાઓ સહિત લોકોને દેશની બહાર ભગાડવા માટે રચાયેલ છે;. આગામી દિવસોમાં આ પ્રોજેક્ટ મુદ્દે યુએસ યુનિવર્સિટીઓમાં પેલેસ્ટીની હિલચાલ સંભવિત જોખમનો સામનો કરી શકે છે.,' જો કે શાન માને છે કે માનવતા, સમાજશાસ્ત્ર વગેરે જેવા વિષયોમાં ઈમિગ્રન્ટ વિદ્યાર્થીઓ પ્રત્યે ટ્રમ્પનો અભિગમ સંભવિત રૂપે હાનિકારક હોઈ શકે છે, તેમ છતાં, તેઓ 'કમ્પ્યુટર વિજ્ઞાન જેવા તકનીકી શૈક્ષણિક ક્ષેત્રોમાં વધુ વૈવિધ્યસભર વિદ્યાર્થીઓની વસ્તીને આવકારી શકે છે, જેવુ બિડેન કર્યું હતું.' બાઈડેન વહીવટ દરમ્યાન યુનિવર્સિટીઓમાં પેલેસ્ટીન તરફી હિલચાલની હિંસક કાર્યવાહી અને ધાકધમકી તરફ ધ્યાન દોરતા, શાને ટિપ્પણી કરી, 'સત્તામાં ટ્રમ્પની વાપસી સામાન્ય રીતે બાઈડેનની તુલનામાં વિદેશી વિદ્યાર્થીઓ માટે વધુ ખરાબ નહીં કરે.'

# આગામી છ થી આઠ મહિનામાં સમગ્ર રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવશે



ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો રાજ્ય વ્યાપી પ્રારંભ બનાસકાંઠાના દાંતીવાડામાં સરદાર કૃષિ નગરથી કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજ્ય સરકાર હર પળ ખેડૂતોની પડખે ઊભી રહેવા તૈયાર છે. ખેડૂતો અને કૃષિ ક્ષેત્રના વિકાસની ઈચ્છાશક્તિ હોય તો કેવા મોટા બદલાવો લાવી શકાય ગુજરાતે જ્યોતિગ્રામ યોજનાથી સતત વીજળી, સિંચાઈ વ્યવસ્થાપનથી ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી વગેરે આપીને પુરવાર કર્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે કૃષિ ક્રાંતિમાં દેશનું દિશાદર્શન કરનારૂં રાજ્ય બનાવવાનો ધ્યેય પ્રેરણાથી શરૂ થયેલા કૃષિ મહોત્સવની સફળતાથી સાકાર થયો છે. ખેડૂત પોતાના ખેતરમાં કયો પાક લઈ શકે તેમજ કૃષિમાં વેલ્યુ એડિસન સહિતની સમજ તથા માર્ગદર્શન આવા કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતોને સામે ચાલીને આપે છે. આ ઉપરાંત ડ્રોનનો ખેતીમાં ઉપયોગ અને ફાર્મ મિકેનીઝમને રાજ્ય સરકાર પ્રોત્સાહન આપી ખેડૂતોને આ માટે પણ સહાય આપે છે તેનો લાભ લેવા અનુરોધ કરતા તેમણે કહ્યું કે, કમોસમી વરસાદ - વાવાઝોડા જેવી કુદરતી આફતના સમયે ખેડૂતોના પાકને થતા નુકસાન સામે પણ રાજ્ય સરકાર કૃષિરાહત પેકેજની ઉદારતમ સહાયથી સતત મદદરૂપ થાય છે. તાજેતરમાં કમોસમી વરસાદ - વાવાઝોડાની આફતથી પાકને થયેલા નુકસાન સામે ખેડૂતોને રૂા. ૧૪૧૯ કરોડનું જે પેકેજ સરકારે આપ્યું છે તેમાંથી ૧૨૦૦ કરોડ જેટલી રકમ ચૂકવી પણ આપી છે. મુખ્યમંત્રીએ ખેડૂતોને એક-બે એકર થી શરૂ કરીને આ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારતા જઈ જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય બગડતું અટકાવવા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વધુને વધુ ધરતીપુત્રો અપનાવે તેવું પ્રેરક સૂચન પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ ખેતી માટે સિંચાઈ અને વીજળીની મહત્તા વર્ણાવતા એમ પણ જણાવ્યું કે, દિવસે વીજળી આપવાની ખેડૂતતોની માગણી અંગે રાજ્ય સરકાર આયોજન બદ્ધ રીતે આગળ વધી રહી છે. આગામી ૬થી ૮ મહિનામાં સમગ્ર રાજયના ખેડૂતોને દિવસે વીજળી આપવાની નેમ પણ તેમણે દર્શાવી હતી.

# ક્રિકેટ સહિતની રમતો ઉપર ઓનલાઈન જુગાર રમાડતી ગેમિંગ એપ્લિકેશન ઉપર પગલાં માટે હાઈકોર્ટમાં PIL




અમદાવાદ, તા.૯

ક્રિકેટ સહિતની રમતો ઉપર ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર જુગાર રમાડતી ગેમિંગ એપ્લિકેશન ઉપર પગલાં લેવા માટે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી થઈ હતી. આ એપ્લિકેશનો ઉપર જુગાર રમાડીને યુવાધન પૈસા બરબાદ કરતા હોવાની અને લત લાગતી હોવાની રજૂઆત કરવામાં આવી હતી. ક્રોસવર્ડ પઝલ અને કોન બનેગા કરોડપતિ જેવી ગેમ રમાડી પ્રશ્નો પૂછીને નાણાકીય રિવોર્ડ આપવામાં આવતો હોવાની રજૂઆત કરવામાં આવી છે. જોકે અરજદારના વકીલ હાજર નહીં રહેતા આગામી જાન્યુઆરી મહિનામાં તેની સુનાવણી રાખવામાં આવી છે. કેસની વિગતો મુજબ અમદાવાદના સુમિત પ્રજાપતિ નામના અરજદાર દ્વારા જાહેર હિતની અરજી કરીને રજૂઆત કરવામાં આવી હતી કે આજકાલમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તથા અન્ય જગ્યાએ ઓનલાઈન ગેમ્સની લોભામણી જાહેરાતો મૂકવામાં આવે છે અને આ ગેમમાં શરૂઆતમાં અમુક પ્રશ્નો પૂછીને યુવાધનને ગેમ રમવા માટે લલચાવવામાં આવે છે. ક્રિકેટ અને ક્વિઝ કોન્ટેસ્ટ જેવી આ ગેમોમાં શરૂઆતમાં અમુક પ્રશ્નો પૂછે છે અને ત્યારબાદ જેમ-જેમ ઊંડા ઊતરવામાં આવે તેમ તેમ પૈસાનો વ્યવહાર થતો હોય છે. આથી આ સમગ્ર બાબત જુગાર ધારામાં સમાવિષ્ટ હોવાથી આ એક પ્રકારનો જુગાર છે. આવી ગેમના માધ્યમથી પૈસા કમાવવાની લાલચ આપવામાં આવે છે. તેથી યુવાધન અને લોકો ખાસ કરીને ગરીબ લોકો ગેમ રમે છે અને આમાં પૈસા ગુમાવીને બરબાદ થાય છે એટલું જ નહીં આ આ ગેમની લત લાગી જતા લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. પરિવારોમાં પણ પારાવાર મુશ્કેલીઓ થઈ રહેલી છે આથી આ ગેમોને જુગાર ધારા હેઠળ આવરી લઈને તેના ઉપર કાયદેસર પગલાં લેવા જોઈએ. આ અરજીમાં બેંગલોર અને હરિયાણાની બે ગેમિંગ કંપનીઓને પક્ષકાર તરીકે જોડવામાં આવી હતી. જોકે રાજ્ય સરકાર દ્વારા રજૂઆત કરી હતુંકે જો ગેમ ઓફ સ્કીલ હોય તો તે જુગાર ધારાના કાયદા હેઠળ સમાવેશ થતો નથી. આ બાબતે સુપ્રીમ કોર્ટના આદેશો પણ છે આ બાબતે અગાઉ એક જાહેર હિતની અરજી થઈ હતી તેમાં રાજ્ય સરકાર તરફ રજૂઆત કરવાનો આદેશ કરાયો હતો. જોકે આ પ્રસ્તુત જાહેર હિતની અરજીમાં અરજદાર હાજર નહીં રહેતા વધુ સુનાવણી આગામી જાન્યુઆરી મહિનામાં રાખવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રમાં સસ્તા અનાજની અછત, ઘઉં-ચોખાનો જથ્થો પહોંચ્યો જ નથી

અમદાવાદ, તા.૯

સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં સસ્તા અનાજની દુકાનોમાં અનાજનો જથ્થો પૂરતો ન મળવાથી લાભાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. રાજકોટ ફેર પ્રાઈઝ એસોસિએશનના જણાવ્યા મુજબ, ઘઉં અને ચોખાનો જથ્થો હજુ સુધી દુકાનોમાં પહોંચ્યો નથી. દાળ અને ચણાનો પણ માત્ર ૫૦ ટકા જથ્થો જ મળ્યો છે. ગત મહિને પણ અનાજનો પૂરતો જથ્થો ન મળતાં આ મહિને પણ સમાન પરિસ્થિતિ સર્જાઈ છે. દુકાનદારોએ પુરવઠા વિભાગને આ અંગે જાણ કરી છે, પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. અનાજનો જથ્થો ન મળવાને કારણે દુકાનદારો અને લાભાર્થીઓ વચ્ચે વારંવાર ઘર્ષણ થઈ રહ્યું છે. એસોસિએશનના હોદ્દેદારોએ પુરવઠા વિભાગના અધિકારીઓને મળીને આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે રજૂઆત કરી છે. લાભાર્થીઓને સમયસર અનાજ મળી રહે તે માટે સરકારે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. સસ્તા અનાજના દુકાનદારોનું આવેદન આપ્યું હતું. જેમાં જથ્થો ન આવતા લોકો સાથે વારંવાર ઘર્ષણ થાય છે. ખરેખર જથ્થો નથી કે સંકલનનો અભાવ છે. સરકારનું પુરવઠા વિભાગ આ મામલે તપાસ કરાવે. એસોસિએશનના હોદ્દેદારો પુરવઠા વિભાગના અધિકારીને અનાજના જથ્થા બાબતે રજૂઆત કરવા માટે પણ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે ૧ નવેમ્બરથી રેશન કાર્ડ ધારકો માટે નિયમોમાં ફેરફાર કરી દીધો છે. નવો નિયમ ચોખા અને ઘઉં માટે લાગુ થયો છે. પહેલાં જ્યાં રેશન કાર્ડ પર અલગ-અલગ માત્રામાં રેશન મળતું હતું. પહેલાં ૩ કિલો ચોખા મળતા હતા અને ૨ કિલો ઘઉં મળતા હતા. પરંતુ હવે સરકારે આ નિયમમાં ફેરફાર કરીને ચોખા અને ઘઉંની માત્રા સરખી કરી દીધી છે. એટલે કે હવે રેશન કાર્ડ ધારકોને કાર્ડ પર બે કિલોની જગ્યાએ અઢી કિલો ઘઉં અને ૩ કિલોની જગ્યાએ અઢી કિલો ચોખા આપવામાં આવશે. સરકારે અંત્યોદય કાર્ડ ઉપર મળતા ૩૫ કિલો અનાજમાં પણ ફેરફાર કરી દીધો છે. પહેલાં જ્યાં અંત્યોદય કાર્ડમાં ૧૪ કિલો ઘઉં અને ૩૦ કિલો ચોખા આપવામાં આવતા હતા ત્યાં હવે ૧૮ કિલો ચોખા અને ૧૭ કિલો ઘઉં આપવામાં આવશે. આ નવો નિયમ ૧ નવેમ્બર ૨૦૨૪ થી લાગુ થઈ ચૂક્યો છે.

# પોલીસ તંત્રમાં ખાલી પડેલી ૨૦૦૦ પ્રમોશનલ જગ્યાઓ ઉપર એક જ મહિનામાં થશે ભરતી

અમદાવાદ, તા.૯

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં એક સોગંધનામું રજૂ કરીને માહિતી આપવામાં આવી હતી કે રાજ્યના પોલીસ તંત્રમાં ખાલી પડેલી બે હજાર પ્રમોશનલ જગ્યાઓ ઉપર એક જ મહિનામાં ભરતી કરવામાં આવશે. તો, પોલીસ તંત્રમાં કુલ ખાલી જગ્યાઓ ઉપર સીધી ભરતી અંગેની જાહેરાત મામલે પણ ટૂંક સમયમાં જ નિર્ણય લેવામાં આવનાર છે. સરકારના આ સોગંદનામાને રેકર્ડ ઉપર લઈને ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે કેસની વધુ સુનાવણી જાન્યુઆરી માસમાં રાખી હતી. કેસની વિગતો પ્રમાણે, દેશના રાજયોમાં કોમી તોફાનો દરમ્યાન જાહેર મિલ્કત, જાનમાલને થતા નુકસાન, પોલીસની ભૂમિકા અને સંખ્યાબળ સહિતના મુદ્દાને લઈ હાઈકોર્ટમાં થયેલી સુઓમોટો પીઆઈએલની સુનાવણી થઈ હતી. રાજ્ય સરકાર તરફથી પોલીસ તંત્રમાં ખાલી જગ્યાઓ ભરતી અંગેની રૂપરેખાર વર્ણવતા જણાવાયું હતું કે, પોલીસ તંત્રમાં પ્રમોશનલ એટલે કે, બઢતીથી ભરવાની થતી કુલ જગ્યાઓ ૪૭૨૩ છે, તેમાંથી છેલ્લા બે મહિનામાં ૧૦૦૬ જગ્યાઓ ભરી દેવાઈ છે. બાકીની જે ૩૭૧૭ જગ્યાઓ બચી છે, તે જગ્યાઓ ઉપર આગામી મહિનામાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.




ફિઝીકલ પરીક્ષા માટે જરૂરી ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે,ર જે પૂર્ણ થયા બાદ જાહેરાત કરવામાં આવશે. સરકારે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે, બીજીબાજુ, બિન હથિયારધારી પીએસઆઈની ભરતી પ્રક્રિયા પણ ચાલુ છે. જેમાં બિન હથિયારધારી પીએસઆઈ પ્રમોશનનું પરિણામ ઓકટોબર માસમાં જ જાહેર કરાયું છે અને તેથી તેની પણ આગળની કાર્યવાહી પ્રોસેસમાં છે. અદાલતનું એ મુદ્દે પણ ધ્યાન દોરાયું કે, પોલીસ ભરતી બોર્ડને હવે ફુલ ટાઈમ ચેરમેન મળ્યા છે. જેઓ એડિશનલ ડીજી કક્ષાના અધિકારી છે, તેમની પાસે ટ્રેનીંગ વિભાગનો એડિશનલ ચાર્જ છે. સરકાર પક્ષની રજૂઆત અને સોંગદનામું ધ્યાને લીધા બાદ વધુ પ્રોગ્રેસ રિપોર્ટ સાથે કેસની વધુ સુનાવણી જાન્યુઆરી માસના બીજા સપ્તાહમાં રાખી હતી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

# ગુજરાત હાઈકોર્ટની ૨૧ નવી કોર્ટ બિલ્ડિંગોનું ખાતમુહૂર્ત

### ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ તેમજ કાયદા મંત્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા

અમદાવાદ, તા. ૯

ગુજરાત હાઈકોર્ટ ખાતે રાજયના ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓને વધુ મજબૂત કરતા વિવિધ પ્રકલ્પોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યકાંતના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ તેમજ કાયદા મંત્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ન્યાયપાલિકાને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપીને સમય અનુરૂપ ભવનો અને ટેકનોલોજીથી સુસજ્જ રાખવાની વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની નેમ છે. આ નેમને સાકાર કરવાની દિશામાં ગુજરાત હાઈકોર્ટ ખાતે આજે રૂપિયા ૧૩૩ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયું છે. વર્ષ ૧૯૬૦માં ગુજરાત અલાયદું રાજય બન્યું ત્યારે આકાશવાણી ભવન, નવરંગપુરા ખાતેથી શરૂ થયેલી ગુજરાત હાઈકોર્ટની સફર ઉત્તરોત્તર નવીનતમ સુવિધાઓ સાથે આગળ વધી છે એમ જણાવીને મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે આજે સોલા ખાતે સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસિલિટી સાથેનું ગુજરાત હાઈકોર્ટનું અદ્યતન ભવન કાર્યરત છે. ન્યાયાલયો, તેની સાથે સંકળાયેલી નવી ઈમારતો કે મકાનો બાંધવા સહિત ન્યાયાધીશો અને કોર્ટ સ્ટાફને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો રાજય સરકારનો હંમેશાં પ્રયાસ રહ્યો છે.

વધુમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજયના દરેક તાલુકા મથકે પ્રિન્સિપલ સિવિલ જજની કોર્ટ કાર્યરત કરીને આપણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની મુહિમને સાકાર કરવાની દિશામાં કામગીરી કરી છે. સુશાસન અને લોકતંત્રમાં ગુડ ગવર્નન્સની જરૂરિયાત વિશે જણાવતાં મુખ્યમંત્રીએ કહ્યું કે કોઈ પણ દેશ કે રાજયના વિકાસમાં અને ગુડ ગવર્નન્સમાં કાયદો વ્યવસ્થા અને ન્યાયપ્રણાલીનું મહત્ત્વનું યોગદાન હોય છે. ન્યાયતંત્ર, વહીવટી તંત્ર અને ધારાસભા એ લોકશાહીના અને સુશાસનના આધારસ્તંભ છે. આ ત્રણેય વચ્ચેનું યોગ્ય સંકલન સુશાસન અને લોકતંત્રને ગતિમાન રાખે છે. લોકોને સુશાસનનો પ્રત્યક્ષ અનુભવ થાય તે માટે ઝડપી ન્યાય પ્રાપ્ત થાય એ અતિ આવશ્યક છે. આ માટે રાજ્ય સરકાર ન્યાયતંત્ર અને હાઈકોર્ટની જરૂરિયાત અનુસારના સંસાધનો ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે.

આ માટે કાયદા વિભાગના બજેટમાં રાજય સરકારે નાણાકીય ફાળવણી કરી છે. વર્ષ ૨૦૨૧ – ૨૨માં આ ફાળવણી ૧૬૯૮ કરોડ રૂપિયા હતી , જે ૨૦૨૪-૨૫માં ૨૫૮૬ કરોડ રૂપિયા કરવામાં આવી છે. જે ન્યાયતંત્રની કાર્યક્ષમતા વધારવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ડિજિટલાઈઝેશન અને સુદૃઢ માનવબળ ઉપલબ્ધ કરાવવાનું રાજય સરકારનું કમિટમેન્ટ દર્શાવે છે.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાને ટ્રાન્સપરન્ટ , એફિશિયન્ટ અને ગુડ ગવર્નન્સ માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રાધાન્ય આપ્યું છે. ગુજરાત હાઈકોર્ટે આ ક્ષેત્રે ઉદાહરણ રૂપ કાર્ય કર્યું છે. યુટ્યુબ પર કોર્ટની કામગીરીનું લાઈવ ટેલિકાસ્ટ કરનારું ગુજરાત સૌપ્રથમ રાજ્ય બન્યું છે. વર્ચ્યુઅલ કોર્ટ , ડિજિટલ પોર્ટલ, પેપરલેસ ઈ ફાઈલિંગના અભિગમ પણ રાજયની ન્યાયપાલિકાએ અપનાવ્યા છે. આજે લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કરવામાં આવેલા વિવિધ પ્રકલ્પો ન્યાય પ્રણાલીને ઝડપી બનાવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ સૂર્યકાંતે આ પ્રસંગે જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં તેની ન્યાય વ્યવસ્થાનું મહત્વનું યોગદાન રહે છે. મજબૂત ન્યાયપાલિકા રાષ્ટ્ર ઉત્થાનના પાયાના સ્તંભમાંની એક છે. આજના આધુનિક યુગમાં મજબૂત જ્યુડિશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજીનો યથાયોગ્ય ઉપયોગ ન્યાયતંત્રની સૌથી મહત્વની જરૂરિયાતો છે. આ બન્ને બાબતોના અમલીકરણમાં ગુજરાત હાઈકોર્ટ મોખરે છે.

આજે લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલા પ્રકલ્પો એ વાતની સાબિતી આપે છે કે ગુજરાતમાં ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ડીજીટાઈઝેશન ખૂબ જ ઝડપથી થઈ રહ્યું છે. રાજય સરકાર પણ હાઈકોર્ટની તમામ જરૂરિયાતો પૂર્ણ કરવા સંપૂર્ણપણે કટિબદ્ધ છે જે આનંદદાયક બાબત છે, એમ તેમણે ઉમેર્યું હતું.

હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ બનવાથી ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી અને સરળ બને છે. રાજય સરકારના હકારાત્મક અભિગમથી આજે અનેક નવાં મકાનો અને પ્રકલ્પોનો શિલાન્યાસ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. આ જ પ્રકારે ન્યાયપાલિકાના કર્મચારીઓ માટે આરોગ્ય સુવિધા કરાવવામાં પણ રાજય સરકારનો ઝડપી અને મહત્ત્વપૂર્ણસહયોગ સાંપડ્યો છે. તેમણે ઉમેર્યું કે ફેમિલી કોર્ટની કાર્યવાહી માટે ડિજિટલ હિયરિંગ પ્લેટફોર્મ અને નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ કેસ માટે ઈ-ફાઈલિંગની સુવિધા જેવા ટેક્નોલૉજિકલ ટ્રાન્સફોર્મેશન ન્યાયિક પ્રક્રિયા ઝડપી બનાવવામાં ઉપયોગી પુરવાર થશે. પેપરલેસ ઈકો-સિસ્ટમ વિકસાવવામાં eGujHC વિઝન ડોક્યુમેન્ટ મદદરૂપ સાબિત થશે અને ભવિષ્યમાં આ ફેરફારો ક્રાન્તિકારી બની રહેશે.

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બિરેન વૈષ્ણવે પોતાના ઉદબોધનમાં ખાતમુહૂર્ત-લોકાર્પણ થનાર પ્રકલ્પોની માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યના ન્યાયતંત્રના માળખાને મજબૂત બનાવવા માટે જરૂરી તમામ માળખાકીય સુવિધાઓ અને જ્યુડિશિયલ ઈન્ફરાસ્ટ્રક્ચર પૂરું પાડવા માટે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત પ્રતિબદ્ધતા દર્શાવી છે તથા જરૂરી તમામ સહકાર પૂરો પાડ્યો છે. જેના પરિણામસ્વરૂપ આજે રાજ્યમાં ઉપલબ્ધ કાયદાકીય સુવિધાઓ અને જ્યુડિશિયલ ઈન્ફરાસ્ટ્રક્ચરની દેશભરમાં નોંધ લેવાઈ રહી છે. ગુજરાત હાઈકોર્ટના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના જજ જસ્ટિસ એ.વાય. કોગ્જે, જસ્ટિસ એ.એસ. સુપેહિઆ, એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી, ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનના પ્રેસિડન્ટ બ્રિજેશ ત્રિવેદી સહિત વિવિધ રાજ્યોની હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિઓ, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, અધિકારીઓ-પદાધિકારીઓ, કર્મચારીઓ તથા બાર કાઉન્સિલના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નાણાંની ઉચ્ચાપત તથા બોગસ દસ્તાવેજ ઉભા કરવાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

જૂનાગઢ તા. ૯

આ કેસની વિગત એવા પ્રકારની છે કે ગઈ તન૧૬/૧૧/૯૧ ના રોજ જુનાગઢ ડી.એસ.પી. કચેરીમાં જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા દલપતભાઈ ટપુભાઈ જોટગીયા તથા અન્ય આરોપી વિરૂધ્ધ ફરજ દરમ્યાન એક બીજાની મદદગારી કરીને ગ્રામ સેવક દળના સભ્યોના ભથ્થાના બીલોમાં ખોટા બીલો બનાવી બીલમાં ખોટા હુકમો મુકી એકને એક બીલમાં બે ત્રણ વખત ચાર્જ કરીને તેમજ હુકમ ચેકચાક કરી ખોટા નંબરો આપી ખોટા બનાવી હુકમો મુકી તે બીલો ટ્રેઝરી શાખામાં મુકી પાસ કરાવી તથા આ બીલોમાં સરકારી નાણા પૈકી રૂા. ૭૦૭૧/- ના નાણા મેળવી ઉચાપત કરેલ હોવાની જુનાગઢ સીટી પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો.કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૪૭૭(૧), ૨૦૧, તથા ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ અને આરોપીની ધરપકડ કરી નામદાર કોર્ટમાં રજુ કરી ચાર્જશીટ રજુ કરેલ હતું અને આ કેસમાં સરકાર તરફે કુલ ૨૮ સાહેદોને તપાસવામાં આવેલ અને તપાસ કરનાર અધિકારીને તપાસવામાં આવેલ અને જી.આર.ડી. શાખાનું તમામ અસલ રેકર્ડ તેમજ અસલ ઓડીટ અહેવાલ મેળવી નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ હતુ. તાજેતરમાં આ કેસ જુનાગઢના નામદાર ચીફ જયુડી.મેજી.ની કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટે ફરીયાદ પક્ષ તથા બચાવ પક્ષને સાંભળી જેમાં બચાવ પક્ષની દલીલો ધ્યાને લઈ આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે. આ કેસમાં બચાવ પક્ષે જુનાગઢના એડવોકેટ એન્ડ નોટરી ભરતભાઈ એમ. રાવલ, સિધ્ધાર્થ એમ. રાવલ, રેશ્માબેન નાગોરી તથા હીરલબેન દેવમુરારી રોકાયેલ હતા.

# ભૂજ-નખત્રાણા ૪૫ કિ.મી. રોડ ફોરલેન હાઈસ્પિડ કોરીડોર તરીકે વિકસાવાશે

### મુખ્યમંત્રીએ ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર રોડ માટે ૯૩૭ કરોડ રૂપિયા મંજુર કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૯

**માતાના મઢ- ધોરડો-સફેદ રણ જેવા પ્રવાસન સ્થળે જવામાં આ માર્ગ ફોર લેન થવાથી સુગમતા થશે**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા માર્ગો સહિતના અગત્યના માર્ગોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો અભિગમ અપનાવ્યો છે. આ હેતુસર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજથી નખત્રાણા સુધીનો ૪૫ કિલો મીટર રોડ ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર તરીકે વિકસાવવા માટેનો પ્રોજેક્ટ હાથ ધરવા રૂા.૯૩૭ કરોડ મંજુર કર્યા છે. હાલની સ્થિતીએ ૧૦ મીટર પહોળાઈનો આ માર્ગ હાઈ સ્પિડ કોરીડોર થવાથી સુપ્રસિધ્ધ તીર્થ સ્થળ માતાના મઢ તેમજ નારાયણ સરોવર અને ધોરડો તથા સફેદ રણ જેવા પ્રવાસન સ્થળે આવાગમન માટે ભવિષ્યમાં વધુ સુગમતા થશે. એટલું જ નહિ, આ રસ્તો આંતરરાષ્ટ્રિય સરહદ અને પાનન્ધ્રો લિગ્નાઈટ માઈન્સને જોડતો સૌથી મહત્વનો માર્ગ હોવા ઉપરાંત આ અંતરિયાળ જિલ્લાને રાજ્યના અન્ય જિલ્લાઓ તેમજ દેશના અન્ય રાજયોના જિલ્લાઓ સાથે જોડતો રસ્તો પણ છે. આમ, ૪૫ કિ.મી.નો આ ભૂજ-નખત્રાણા માર્ગ ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર થવાથી સરળ, ઝડપી અને ઈંધણ બચત યુકત યાતાયાત ભવિષ્યમાં શક્ય બનશે.

# ખંભાળિયા ખાતે જીલ્લા કક્ષાનો ‘રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪’ કાર્યક્રમ યોજાયો

### મંત્રી મુળુભાઈ બેરા તેમજ મહાનુભાવો હસ્તે ૧૦૦ દિવસ સઘન ટીબી નિર્મુલન ઝુંબેશનો લીલીઝંડી આપી કરાવ્યો પ્રારંભ





(પ્રતિનિધિ દ્વારા)

ખંભાળીયા, તા.૯

ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના આશય સાથે રાજ્ય સરકાર દ્વારા રાજયવ્યાપી બે દિવસીય "રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪"નું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજરોજ દ્વિતીય દિવસે રાજયના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ તથા કલાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં નગરપાલિકા ટાઉનહોલ ખંભાળિયા ખાતે ’રવિ કૃષિ મહોત્સવ’ યોજાયો હતો.

આ પ્રસંગે પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં બે દિવસીય રવી કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ધરતીપુત્રો આવક બમણી કરવા તેમજ કૃષિ પેદાશો તથા કૃષિ આવનારા પરિવર્તનનું માર્ગદર્શન મેળવી શકે તેવા ઉમદા આશયથી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા પથને આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નેતૃત્વમાં રાજ્ય સરકાર ખેડૂતોના હિતો માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતોને જાગૃત કરવાનું કામ થઈ રહ્યું છે. આ કૃષિ મહોત્સવ દ્વારા ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિ, ખેતી ક્ષેત્રની નવીન ટેકનોલોજી સહિતની ખેતી ક્ષેત્રની જાણકારી મળી રહે છે. ખેડૂતોએ આધુનિક કૃષિ પદ્ધતિ અપનાવવાની સાથે ખેતીમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાનો અનુરોધ કરતા કહ્યું કે, રાસાયણિક ખેતીથી આરોગ્ય સામે જોખમ ઊભા થયા છે. ત્યારે ખાસ આવનારી પેઢીને સ્વાસ્થ્ય અને ફળદ્રુપ જમીન આપવા માટે પણ પ્રાકૃતિક ખેતી આવશ્યક છે. આમ, બાળકો માટે પણ પ્રાકૃતિક ખેતી આવકારદાયક છે.

આ ઉપરાંત મંત્રીએ ૧૦૦ દિવસ સઘન ટીબી નિર્મુલન ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. ટીબીના દર્દીઓને શોધીને તેમના રોગનું નિદાન થાય, તેમને પોષણક્ષણ આહાર મળે અને દર્દીઓ ટીબીમુક્ત થાય તે માટે આ ઝુંબેશ કરવામાં આવી રહી છે. નિયમિતતા અને પરેજીથી ટીબીને મટાડી શકીએ છીએ. આરોગ્ય વિભાગ અને સેવાભાવી સંસ્થાઓના માધ્યમથી ટીબી અંગે તમામ નાગરિકો જાગૃત થાય તે માટે પણ આ ઝુંબેશ કાર્યરત છે. મંત્રી અને મહાનુભાવોએ કૃષિ, બાગાયત, આત્મા પ્રોજેકટ, પશુપાલન, મિલેટ્સમાંથી બનાવેલ વાનગીઓ પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ અને પ્રદર્શન સહિત વિવિધ સ્ટોલ મુલાકાત લઈ તેમણે પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે ટ્રેકટર ઓપરેટર સ્પ્રેયર, તાર ફેન્સીંગ, લેસર લેન્ડ લેવલર અને ટ્રેકટર સહિતના સાધન સહાય યોજના પેમેન્ટ ઓર્ડર અને મંજૂરી હુકમનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ તકે કૃષિ વૈજ્ઞાનિક શ્રી ડો.એમ.એમ.તળપદા તેમજ ડૉ.કે. પી. બારૈયાએ ઉપસ્થિત ખેડૂતોને કૃષિ પાકો અંગે વિસ્તૃત સમજ આપી હતી.

આ તકે રવી કૃષિ મહોત્સવ ૨૦૨૪ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, મામલતદાર વી.કે.વરુ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન જીતેન્દ્રભાઈ કણઝારીયા, જિલ્લા પંચાયત સદસ્ય સંજયભાઈ નકુમ, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, અગ્રણી પી.એસ.જાડેજા, એભાભાઈ કરમુર, પ્રતાપભાઈ પિંડારીયા, મોહિતભાઈ મોટાણી, ભરતભાઈ ચાવડા સહિત સંબધિત વિભાગના અધિકારીશ્રઓ તથા બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયામાં પ્રમાણિકતાનું ઉમદા ઉદાહરણ મોબાઈલ ફોન મૂળ માલિકને સોંપાયો

(પ્રતિનિધિ દ્વારા)

ખંભાળીયા તા. ૯



ખંભાળિયામાં રહેતા એક વિપ્ર યુવાનનો મોબાઈલ પડી જતા એક મહિલાને મળેલો આ મોબાઈલ તેમણે કોઈ પણ જાતની અપેક્ષા વગર તુરંત જ મૂળ માલિકને સુપ્રત કર્યો હતો. વર્તમાન સમયમાં પણ પ્રમાણિકતા હજુ જીવંત છે, તેના ઉમદા ઉદાહરણના આ કિસ્સા મુજબ ખંભાળિયામાં શિવમ સોસાયટી વિસ્તારમાં રહેતા અને કર્મકાંડની પ્રવૃત્તિ કરતા વિપ્ર યુવાન ગોપાલભાઈ ગોર શુક્રવારે સવારના સમયે અહીંના ખામનાથ વિસ્તારમાંથી જઈ રહ્યા હતા. ત્યારે તેમનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન રસ્તામાં પડી ગયો હતો. અહીંથી પસાર થતા ઈન્દિરાબેન નામના એક સામાન્ય પરિવારના મહિલાને આ મોબાઈલ ફોન મળતા તેમણે આ ફોન પોતાના પાસે રાખ્યો હતો અને આ ફોનના મૂળ માલિકના કોલની રાહ જોતા હતા. આ ફોનમાં ગોપાલભાઈ ગોરે ફોન કરતા ઈન્દિરા બહેને તુરત જ તેમને પોતાનો ફોન લઈ જવા કહ્યું હતું અને ગોપાલભાઈને આ ફોન સુપરત કરી, ઈમાનદારીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જે બદલ મોબાઈલ ફોનના માલિક ગોપાલભાઈ ગોરે તેમનો આભાર વ્યક્ત કરી, પ્રોત્સાહિત કર્યા હતા.



આપણે પતિદેવ સાથે લડવાનું છોડી આપણી સમસ્યાઓ સામે લડવું જોઈએ!



શાકભાજીના ભાવ સાંભળશો તો શાંતિથી જમી નહીં શકો! માટે શાક નથી બનાવ્યું.

# માણાવદરમાં જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રજાજનો માટે ઉકાળાનું વિતરણ




માણાવદર તા.૯

શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ માણાવદર દ્વારા શિયાળાની ઋતુને લઈને પ્રજાજનો રોગમુકત તેમજ ભયમુકત રહે તે માટે વિનામૂલ્યે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ શરૂ કરેલ છે. જેમાં દરરોજ સવારે ૭ થી ૮ વાગ્યા દરમ્યાન પોલીસ ચોકી પાસે, ચોકમાં સેવાભાવી સભ્યો દ્વારા પ્રજાજનોને ઉકાળો આપવામાં આવે છે. આ ઉકાળનું વિતરણ તા.૧-૧૨-૨૪ થી તા.૩૧-૧૨-૨૪ સુધી ચાલુ રહેશે જેનો બહોળી સંખ્યામાં લોકોને લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# વીજ સલામતી અને ઉર્જા સપ્તાહની ઉજવણી થશે, બાઈક રેલી યોજાશે

જૂનાગઢ તા. ૯ : પીજીવીસીએલ દ્વારા આગામી તા.૧૬-૧૨-૨૪ થી તા.૨૧-૧૨-૨૪ દરમ્યાન ઉર્જા સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર હોય, સદર ઉજવણીમાં વીજ સલામતી અને ઉર્જા બચત અન્વયે કાર અને બાઈક રેલીનું આયોજન આગામી તા.૨૧-૧૨-૨૪ ને શનિવારના રોજ સવારે ૯ કલાકે પીજીવીસીએલ પટાંગણ, આઝાદ ચોકથી ચિત્તાખાના ચોક, ગાંધીચોક, વૈભવ ચોક, સરદારબાગ, મોતીબાગ, કોલેજ રોડ, સરદાર ચોક, કાળવા ચોક, દાતાર રોડ, ભવનાથ તરફ તાલુકા પંચાયત ગેસ્ટહાઉસ થઈ દાતાર રોડ, એમ.જી. રોડ થઈ આઝાદ ચોક પીજીવીસીએલ કચેરીના પટાંગણ ખાતે પરત આવવાના રૂટનું આયોજન કરવામાં આવેલ છે.

# ભાજપ જૂનાગઢ મહાનગરનાં મંડલ પ્રમુખની પસંદગી અંતર્ગત પ્રેસ કોન્ફરન્સ યોજાઈ




જૂનાગઢ તા.૯ ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મહાનગર ખાતે મંડલ પ્રમુખની પસંદગી અંતર્ગત જુનાગઢ મહાનગર મુખ્ય ચૂંટણી અધિકારી વનરાજસિંહ ગોહિલ નાં અધ્યક્ષતામાં એક પ્રેસ કોન્ફરન્સનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સહાયક ચુંટણી અધિકારી વિનુભાઈ કથીરીયા જુનાગઢ મહાનગર અધ્યક્ષ પુનિતભાઈ શર્મા એ પ્રેસને સંબોધી હતી

જેમાં સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત ૧૫ મંડલોના સંગઠન પ્રમુખોની પ્રકિયા દાવેદારી માટે કવાયત હાથ ધરવામાં આવી છે તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ત્યારે જુનાગઢ મહાનગર સંગઠન પર્વ ઈન્ચાર્જ અરવિંદભાઈ ભલાણી, મોહનભાઈ પરમાર મહાનગર મહામંત્રી મનનભાઈ અભાણી વિનુભાઈ ચાંદેગ્રા મંડલ પ્રમુખનાં દાવેદારો તથા પ્રેસ મિડિયાનાં મિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રેસ કોન્ફરન્સનું સંકલન મિડીયા વિભાગનાં યશ ચુડાસમાએ કર્યું હતું.

# જૂનાગઢમાં ઝેરી દવા પીનાર મહિલાને તત્કાલ સારવાર નહીં મળતા મૃત્યું થયાની પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૯

જૂનાગઢમાં ૩૩ વર્ષીય નીશાબેન અશ્વીનભાઈ પંચોલી નામની પરણીત મહિલાનાં ઝેરી દવા પીવાનાં કેસમાં પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. આ દરમ્યાન મૃતક મહિલાનાં પતિએ રામજી ઉર્ફે રમેશભાઈ ચંદુભાઈ ચૌહાણ વિરૂધ્ધ મૃતક મહિલાને સમયસર સારવાર નહી મળે તો તેમનું મૃત્યું થઈ જશે તે જાણતો હોવા છતાં મરણજનારને હોટલમાં મુકી નાશી જતાં નીશાબેનનું મૃત્યું થયાનું જણાવી અને ફરીયાદ દાખલ કરતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર અશ્વીનભાઈ સુરેશચંદ્રભાઈ પંચોલી (ઉ.વ. ૪૭) રહે. નોબલ સ્કુલ પાસે, ગ્રીનપાર્ક સોસાયટી, જૂનાગઢવાળાએ આ કામનાં આરોપી રામજી ઉર્ફે રમેશભાઈ ચંદુભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૩) રહે. જોષીપરા ઓઘડનગરવાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદીની પત્ની મરણ જનાર નીશાબેન આ કામનાં આરોપી સાથે સત્યમ હોટલમાં હોય તે વખતે મરણજનારે કોઈપણ કારણે ઝેરી દવા પી લીધેલ હોય અને આરોપી જાણતો હોય કે મરણજનારને સમયસર સારવાર નહી મળે તો તે મરી જશે તેમ છતાં આરોપીએ મરણજનારને સારવાર માટે હોસ્પીટલ લઈ ગયેલ નહી કે સારવાર ના કોઈ પ્રયત્ન કરેલ નહીં કે આ બાબતની હોટલનાં સ્ટાફ કે નજીકનાં કોઈને જાણ કરેલ નહી તેમજ મરણજનારને દવા પીધેલી હાલતમાં હોટલનાં રૂમમાં એકલા મુકી દઈ હોટલના રૂમનો દરવાજો બહારથી લોક કરી ચાવી આરોપી પોતાની સાથે લઈ જઈ અને આરોપી જાણતો હતો કે મરણજનારને સમયસર સારવાર નહી મળે તો તેનું મૃત્યું થઈ જશે તે જાણતો હોવા છતાં મરણજનારને હોટલમાં મુકી નાશી જઈ જેનાં કારણે મરણજનારનું મોત નિપજેલ અને આવું કૃત્ય કરનાર આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ પી.એમ. ગોરફાડ ચલાવી રહયા છે.

# સોમનાથ દાદા મંદિર મહત્મય-સુવિધાઓ ઝળકશે ઓરિસ્સા-ભુવનેશ્વર પ્રવાસી ભારતીયોના સંમેલનમાં

## તા.૮ થી ૧૦ જાન્યુઆરી જગન્નાથપુરી, ભુવનેશ્વર ખાતે થયેલું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)


પ્રભાસ-પાટણ તા.૯

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર પ્રતિકૃતિ સાથે સોમનાથ મંદિરની રચના ઓરિસ્સાના ભુવનેશ્વર ખાતે કરાનાર છે. તા.૮ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ એમ ત્રિદિવસીય યોજાનાર પ્રવાસી ભારતીય દિવસનો ૧૮મો મહોત્સવ યોજાનાર છે. આ અંગે ઓરિસ્સાના મુખ્યમંત્રી મોહનચરણ માઝીએ વિધિવત તૈયારીઓનો પ્રારંભ કરી દીધો છે. જેને કેન્દ્રીય વિદેશ મંત્રાલય દ્વારા અભ્યાસ કરી મંજુરી આપી દેવાઈ છે અને આ અંગે પાંચ સભ્યોનું પ્રતિનિધિ મંડળ ઓરિસ્સાની મુલાકાત લઈ વિવિધ સમિતિઓનું રચના કરવામાં આવી છે. સમોનાથ મંદિરને સત્તાવાર રીતે ટુંક સમયમાં જ જાણ કરાશે. આમ છતાં સોમનાથ ટ્રસ્ટને તૈયાર રહેવા વાકેફ કરાયા છે. સોમનાથ ટ્રસ્ટના પંડાલમાં સોમનાથ મંદિર પ્રતિકૃતિ લાઈવ દર્શન, સાહિત્ય, પ્રસાદ, શિલ્પ સ્થાપ્રય પ્રતિકૃતિ, માહિતી, માર્ગદર્શન અને ગોઠવાયેલી વિવિધ વ્યવસ્થાઓથી પ્રવાસી ભારતીય સંમેલનના સભ્યોને ડોકયુમેન્ટરી દ્વારા સમજ અપાય તેવી ધારણા સંભવીત છે.

# પી.એચ.ડી. એક ડિગ્રી પ્રાપ્ત કરવા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી તરફ યુવા છાત્રોનો ઉત્સાહ : ૨૮૦ પરીક્ષાર્થીઓએ આપી પરિક્ષા

## ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીથી ૩૦૦ ઉપરાંત શોધકર્તા સ્કોલર્સ મેળવી ચૂક્યા છે પદવી

## ૫૦૦ જેટલા શોધકર્તા પ્રયાસરત : કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ દ્વારા ગિર સોમનાથ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા તથા જૂનાગઢ જિલ્લાનાં લાખો યુવાઓમાં ભારતિય મૂલ્ય શિક્ષણનું ચિંચન થઈ રહ્યું છે, આજે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં પીએચડી એન્ટ્રસ્ટ ટેસ્ટ માટે ૩૬૫ યુવાનોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી આજે ૨૮૯ યુવાઓએ પીએચડીની લાયકાત પ્રાપ્ત કરવા માટે એન્ટ્રસ્ટ ટેસ્ટ આપી હતી. આ એન્ટ્રસ્ટ ટેસ્ટમાં ૭૬.૭૧% ઉપસ્થિતિ રહી હતી. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડો.)ચેતન ત્રિવેદી આજે પી.એચડી. પ્રવેશ પરીક્ષા સ્થળે પ્રત્યક્ષ મુલાકાત લઈ પરીક્ષા પદ્ધતિ અંગે જાણકારી મેળવી હતી. આજની પરીક્ષા પદ્ધતિ સંપૂર્ણ પારદર્શક રીતે લેવાયેલી હતી. ઓનલાઈન મોડથી લેવાયેલી આજની પરીક્ષામાં સંપૂર્ણ સલામતી, પ્રશ્ન પેપરનું કોમ્પ્યુટર ઉપર જવાબી કરણ, ઉમેદવારને કોઈ પરીક્ષા સંદર્ભે પ્રશ્ન સંચય રહે તો તેમનું સમય મર્યાદામાં જ નિરાકરણ અને પરીક્ષાર્થી પોતાનું જ પરિણામ ત્વરિત રીતે નિહાળી શકે એટલી પારદર્શી વ્યવસ્થા નિહાળી ડો.ચેતન ત્રિવેદીએ પરીક્ષા સંચાલન સમિતિના પ્રો.(ડો.) ફિરોજ શેખ, ડો. મયંક સોની, ડો. નિશિત ધારેયા, ડો.અતુલ બાપોદરા સહિત પરીક્ષા કાર્ય સાથે સંકળાયેલા ભક્ત કવિ યુનિવર્સિટીના અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. સંપૂર્ણ રીતે પારદર્શક પરિસ્થિતિમાં લેવાયેલી પરીક્ષાથી પરીક્ષામાં કોઈ પણ પ્રકારની સંચય કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેવી એક પણ બાબત ન રહે તેની તકેદારીથી લેવાયેલ પરીક્ષાથી વિદ્યાર્થીઓમાં પણ એક અનેરો ઉત્સાહ અને એક નવો અભિગમ રહ્યો હતો. પી.એચડી.નું પુરૂ નામ "ડોક્ટર ઓફ ફિલોસોફી" થાય છે. પી.એચ.ડી. ડિગ્રી મેળવવા માટે પહેલા ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન કરવું જરૂરી હોય છે. પછી જ તમને પી. એચ. પી. એચ. ડી. કરવા માટે એવા વિષયો ઉપર પ્રવેશ પરીક્ષા યોજી જે વિષયમાં તમને રૂચિ હોય અને તમને તે વિષયમા શોધકર્તા તરિકે પસંદગી પામતા હોય છે.

# જિલ્લા આરોગ્ય સંકલન સમિતિ (જાસ)ની બેઠકમાં વિવિધ વિભાગોની ઓપીડીને વધારવા તથા એલીમ્કો સાથે સંકલન કરી સેન્ટરનો શુભારંભ કરવા તાકીદ કરતા કલેક્ટર પ્રભવ જોશી

## માતા મૃત્યુ દર અટકાવવા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓને તાકીદ કરતાં ડી.ડી.ઓ.શ્રી નવનાથ ગવ્હાણે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૯







કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા આરોગ્ય સંકલન સમિતિ (જાસ)ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટરએ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટેના જમીનના પ્રશ્નોના નિવારણ તેમજ દવાઓ, સર્જીકલ વસ્તુઓ, મશીનરી, ફર્નિચર, સ્ટોર, વાહન અને આરોગ્ય કર્મીઓના ક્વાર્ટર અંગે ચર્ચા કરી હતી તથા આરોગ્યલક્ષી તમામ કામો અંગેની વિગતવાર સમીક્ષા કરી હતી. કલેકટરએ એઈમ્સ ખાતે વિવિધ વિભાગોની ઓપીડીને વધારવા તથા એલીમ્કો સાથે સંકલન કરી સેન્ટરનો શુભારંભ કરવા જણાવ્યું હતું. જિલ્લા સમાહર્તા જોશીએ લેબોરેટરીના સાધનો અને વિવિધ પ્રકારના લેબ ટેસ્ટ તેમજ થેલેસેમિયાના દર્દીઓને આવશ્યક તમામ સેવાઓનું આયોજન કરી તમામ વસ્તુઓનો જરૂરી સ્ટોક રાખવા જણાવ્યું હતું તેમણે પીડીયુ હોસ્પિટલના અંદરના રોડ, બર્ન્સ વોર્ડ વગેરેના નવીનીકરણ માટેના એસ્ટીમેટ, એચબીએવનસી પ્રકારના ટેસ્ટમાં આધુનિક કીટના ઉપયોગ તથા વિવિધ તાલુકાઓમાં જરૂરી મશીનરીની માંગણીઓને તાત્કાલિક મંજૂરી આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ મલેરીયા, ચીકનગુનિયા, ડેન્ગ્યુ, ઋતુજન્ય રોગો સહિતના રોગો નાની બારણ બાબતે થયેલ કામગીરી અંગે આરોગ્ય વિભાગ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી તેમજ માતા મરણ અટકાવવા તાકીદ કરી હતી. આ બેઠકમાં પ્રાદેશિક નગરપાલિકા કમિશનર મહેશ જાની, નવનિયુક્ત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ફુલમાળી, જિલ્લા આર.સી.એચ ઓફિસર જોશી, ડબલ્યુ.એચ.ઓ.ના પ્રતિનિધિ ડો.નિર્મલ પ્રજાપતિ, ડો.પપ્પુ સિંઘ, એઈમ્સના પ્રતિનિધિઓ તેમજ સિવિલ હોસ્પિટલના ડોકટરો સહિત તાલુકા હેલ્થ ઓફિસરો અને મેડિકલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ પિતૃ તીર્થથી સિધ્ધપુર પિતૃ તીર્થ સાંકળતી સીધી એસટી બસ સેવાનો આજથી થયો પ્રારંભ

## ચાર યાત્રાધામોને સાંકળી લેશે : સોમનાથ, બહુચરાજી, ઉંઝા, ઉમીયાધામ સિધ્ધપુર




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૯

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર અને સર્વ પિતૃ શ્રાધ્ધ તીર્થ પ્રભાસ-સોમનાથથી સિધ્ધપુર સુધીની એસટી બસનો સોમનાથ મંદિરના પટાંગણમાં શ્રીફળ વધેરી પ્રારંભ કરાયો છે. બસનું ઉદઘાટન ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખ કિશોરભાઈ કુહાડાના હસ્તે તથા વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ જીતુભાઈ કુહાડાની પ્રેરક ઉપસ્થિતિમાં કરાયું હતું. આ બસ એક્સપ્રેસ રહેશે, કુલ વહન ૫૩૪ કિમી, ટિકીટ રૂપીયા ૩૩૦ રહેશે. આ બસનો રૂટ સોમનાથ, વેરાવળ, કેશોદ, જૂનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, બહુચરાજી, મહેસાણા, ઉંઝા, સિધ્ધપુર, માતૃગયાનો રહેશે. આ બસ સોમનાથથી સાંજે સાત વાગ્યે ઉપડી વહેલી સવારે ૬ વાગ્યે સિધ્ધપુર પહોંચશે. સિધ્ધપુરથી આ બસ સાંજે ૫ વાગ્યે ઉપડી સવારે ૬ વાગ્યે સોમનાથ પહોંચશે.

બસને આવરી લેતા યાત્રાધામો સોમનાથ, બહુચરાજી, ઉંઝા, ઉમીયામાતા, સિધ્ધપુર, માતૃગયા છે. આ પ્રસંગે અધિકારીઓ, ખારવા સમાજ સભ્યો, સુરૂભા જાડેજા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# લોઢવા ખાતે પોલીયોના ટીપા પીવડાવાના બુથ ખુલ્લુ મુકતા જીલ્લા પંચાયતના સદસ્ય જયાબેન ભોળા



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા.૯

ગઈકાલે પોલીયાનાં ટીપા પીવડાવવા માટે સરકારે તમામ સ્તરે કેમ્પો યોજયા હતાં જેમાં ભોળા જાદવ દ્વારા સમગ્ર દેશમાં પોલીયાના ટીપા ૦થી ૫ વર્ષના બાળકોને પીવડાવીને પોલીયાને નાબુદ કરવાનું અભિયાન ચાલું છે. જે અનુસંધાને લોઢવા ગામે કુમાર શાળામાં આવેલ પોલીયો બુથને જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા અને આરોગ્ય સમિતી સભ્ય જયાબેન જાદવ ભોળા દ્વારા બાળકોને પોલીયોના ટીપા પીવડાવીને બુથને ખુલ્લું મુકયું હતું.

# કેશોદના આંબાવાડી વિસ્તારમાં આવેલ એપાર્ટમેન્ટના બ્લોકમાં જુગારધામ ઝડપાયું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

કેશોદના આંબાવાડી વિસ્તારમાં આવેલ એપાર્ટમેન્ટના બ્લોકમાં જુગારના અખાડા પર કેશોદ પોલીસે દરોડો પાડી ૬ જુગારીઓને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ આંબાવાડી વિસ્તારમાં આવેલ દ્વારકેશ એપાર્ટમેન્ટના બ્લોક નં.૩૦૩માં જુગાર અખાડો ચાલતો હોવાની બાતમીના આધારે કેશોદ પોલીસે દરોડો પાડતા મકાન માલીક ભરતભાઈ ધીરજલાલ રાજા બહારથી માણસો બોલાવી જુગાર રમી રમાડતા મકાન માલીક સહિત સહિત સીદીકભાઈ અબ્દુલભાઈ કોલાદીયા, ગોકળભાઈ હંસરાજભાઈ આરદેસણા, હાર્દિકભાઈ નીરંજનભાઈ નથવાણી, લલીતભાઈ જેઠાભાઈ વીઠલાણી, પરષોતમભાઈ કરશનભાઈ કુંભાણીને રોકડ રૂપિયા અને નાલના ૧૬૦૬૦ સહિત ૭ મોબાઈલ, ૫ મોટર સાયકલ મળી કુલ ૧,૧૦,૦૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કેશોદ પોલીસ મથકે જુગારધારા ૪, ૫ મુજબ કાર્યવાહી કરી છે.

# મની લેન્ડર્સ એકટ હેઠળના ગુનામાં આરોપીઓનો થયેલ નિર્દોષ છુટકારો

જૂનાગઢ તા. ૯

આ કેસ ની વિગત એવા પ્રકારની છે કે ગઈ તા.૧૬/૧/૧૯ ના રોજ ધોરાજી તાલુકાના મોટી મારડ ગામના આરોપીઓ સુરેશભાઈ વાલજીભાઈ ભુત તથા અન્ય બે વ્યકિતઓએ ઝાંઝરડા રોડ ઉપર આવેલ કૈલાસ પાર્ક સોસાયટીમાં આવેલ કિશોરભાઈ ગધેસરીયાને ઘરે જઈ ઘરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી ભુંડી ગાળો આપી ઘરની ઘરવખરી તોડફોડ કરી ફરીયાદી પક્ષે આરોપી પક્ષો પાસેથી રૂા. ૯,૩૦,૦૦૦/- ધાણા ખરીદેલ તે રકમની વ્યાજ ઉમેરી મોટી રકમની માંગણી કરી રકમ નહીં ચુકવતા ફરીયાદીએ જુનાગઢ બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) ૪૪૮, ૧૧૪ તથા ધ મની લેન્ડર્સ એકટની કલમ ૪૨(એ)(૧) મુજબની ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપીઓની ધરપકડ કરી નામદાર કોર્ટમાં ગુનો બનતો હોવાથી ચાર્જશીટ રજુ કરેલ હતં. આ કેસ તાજેતરમાં જુનાગઢના ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં ચાલી જતા આરોપીઓનો નીદોર્ષ છુટકારો ફરમાવતો હુકમ કરવામા આવેલ છે. આ કેસમાં બચાવ પક્ષે જુનાગઢના એડવોકેટ એન્ડ નોટરી ભરતભાઈ એમ. રાવલ, સિધ્ધાર્થ એમ. રાવલ, રેશ્માબેન નાગોરી તથા હીરલબેન દેવમુરારી રોકાયેલ હતા.

# ભાણવડ નગરપાલિકા વિસ્તારને રૂા.૪.૫૦ કરોડથી વધુ રકમના વિકાસ પ્રકલ્પોની ભેટ આપતાં વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા

## સી.સી.રોડ, ગાર્બેજ વાર્નેબલ પોઈન્ટના નિકાલ, ૨.૫ એમ.એલ.ડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન અને અન્ડર ગ્રાઉન્ડ સંપ સહિતના કામોનું કરાયું ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯





રાજયના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ તથા કલાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં ભાણવડ નગરપાલિકા વિસ્તારના અંદાજિત રૂા.૪.૫૦ કરોડ જેટલી રકમના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આજરોજ ભાણવડ નગરપાલિકા વિસ્તારમાં રૂા.૪.૫૦ કરોડથી વધુ રકમના વિકાસ પ્રકલ્પો ભેટ મળી છે.

શહેરની પ્રાથમિક સુવિધાઓ સુદ્રઢ બને તેમજ નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહે છે. ઉપરાંત ભાણવડ શહેરના રામેશ્વર પ્લોટ વિસ્તારમાં ફિલ્ટર પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે જે કામગીરી પૂર્ણ થતા રણજીતપરા વિસ્તારમાં પીવાના પાણી સુવિધા વધુ સુદ્રઢ બનશે. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નેતૃત્વમાં રાજ્ય સરકાર ગુણવત્તાયુક્ત કામોને પ્રાધાન્ય આપી રહી છે. આગામી દિવસોમાં શહેરની નદીઓને પ્રદૂષણમુક્ત કરવા માટે નક્કર આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમજ ધાર્મિક સ્થળો જેવા કે સુખનાથ મહાદેવ મંદિર તથા દુધેશ્વર મહાદેવ મંદિરનું બ્યૂટીફીકેશન કરવાનું આયોજન કરી નાગરિકોને ઉત્તમ ફરવા લાયક સ્થળ પ્રાપ્ત થાય તે માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ભાણવડ નગરપાલિકા વિસ્તારમાં કરવામાં આવેલ વિકાસ પ્રકલ્પોમાં રૂા.૧.૭૮ કરોડથી વધુના સી.સી.રોડ, રૂા.૬૭ લાખથી વધુ રકમના પેવર બ્લોક, રૂા.૦૫ લાખથી વધુ રકમના જુદા જુદા વિસ્તારમાં ગાર્બેજ વાર્નેબલ પોઈન્ટના નિકાલ તેમજ બ્યુટીફીકેશન તેમજ રૂા.૧.૯૦ કરોડથી વધુ રકમન કામો તથા ૨.૫ એમ.એલ.ડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન અને અન્ડર ગ્રાઉન્ડ સંપ સહિત કુલ અંદાજિત રૂા.૪.૫૦ કરોડની રકમના વિકાસ પ્રકલ્પોની ભેટ ભાણવડ શહેરને મળી છે. આ તકે નગરપાલિકા વહીવટદાર અને મામલતદાર અશ્વિન ચાવડા, તાલુકા વિકાસ અધિકારી એન.એલ. બેડીયાવદરા, જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.વિવેક શુકલા, અગ્રણી ગોવિંદ કનારા, અજય કારાવદરા, અલ્પેશ પાથર, ભાલચંદ્ર ભટ્ટ સહિત નગરપાલિકાના કર્મચારીઓ તથા શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાણવડ ખાતે પોલિયો રસીકરણ અભિયાનનો શુભારંભ કરાવતા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા

(પ્રતિનિધિ દ્વારા)


દ્વારકા તા.૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૮, ૯, ૧૦ ડિસેમ્બરના રોજ દ્વારકા જિલ્લામાં પોલિયો રાઉન્ડ નિમિતે જિલ્લાના કુલ ૮૨૦૦૦ થી વધુ બાળકો આવરી લેવાનું જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાણવડ તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા ભાણવડ ખાતે બુથની મુલાકાત લઈ અભિયાન શુભારંભ કરાવ્યો હતો. જેમાં પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયો રસીના બે ટીપાં પણ પીવડાવવામાં આવ્યાં હતા. તેમજ ૦ થી ૫ વર્ષના દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ બાળકોને પોલિયો ટીપાં લેવા માટે કેબિનેટ મંત્રી દ્વારા અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા હેલ્થ ઓફિસર ડો. પ્રકાશ ચાંડેગ્રા, અગ્રણી ગોવિંદભાઈ કનારા, હમીરભાઈ કનારા, દેવશીભાઈ, ચેતનભાઈ રાઠોડ, પ્રિયેશભાઈ સહિત આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પેઢી દર પેઢીથી અખબારી દાયીત્વ નિભાવનાર

# ખાનદાની મિડીયાને સત્ય છાપવા બદલ ધન્યવાદ અને લાવારીશ મિડીયાની ઝાટકણી કાઢતા મહેશગીરી

## સનસની માટે તપાસ કર્યા વિના સમાચાર મુકનાર લાવારીશ મિડીયાને હિંમત હોય એટલું છાપ, પરંતુ સત્ય શું છે ? તે તો જાણ 'ડોબા' : મહેશગીરી



જૂનાગઢ તા.૯

જૂનાગઢમાં ભુતનાથ મહાદેવનાં સાંનિધ્યમાં ચાલી રહેલી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનાં સ્થળે ભાગવત ભગવાનનાં મંચ પરથી ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી બાપુએ વિરોધીઓને કચકચાવીને આડે હાથ લીધા હતાં અને સાથે જ મિડીયાને બેભાગમાં વહેંચી અને ખાનદાની મિડીયાને સત્યનાં અહેવાલ પ્રસિધ્ધ કરવા બદલ ધન્યવાદ પાઠયા હતાં. તો લાવારીશ મિડીયાની આકરી ઝાટકણી કાઢતા સનસનાટી મચી જવા પામી હતી.

છેલ્લાં કેટલાક સમય થયા હરીગીરી વિરૂધ્ધ મહેશગીરીનો જંગ ચાલી રહયો છે અને આ જંગ દરમ્યાન એક પછી એક પત્તા ખોલવામાં આવે છે. અને તાજેતરમાં જ મહેશગીરી વિરૂધ્ધ પણ કેટલાક વાંધાજનક અહેવાલો વહેતા થયા હતાં જે તમામ બાબતનો ખુલાશો કરતાં પૂર્વે જ ગઈકાલે યોજાયેલી ધર્મસભામાં મહેશગીરીએ ત્રીજુ લોચન ખોલી અને લાવારીશ મિડીયાને આડે હાથ લીધું હતું. મિડીયાને બે ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યું હતું. સૌ પ્રથમ તો જે ખાનદાની મિડીયા છે તે મિડીયા કોઈપણ સમાચારની સત્યતા માટે તપાસ કરી અને ત્યારબાદ અહેવાલો રજુ કરે છે. અને આ ખાનદાની મિડીયાની આમસમાજમાં પણ જબરી શાખ હોય છે. અને પેઢી દરપેઢીથી પોતાની આબરૂનું કાયમ જતન કરી અને એક નિષ્ઠાવાન અખબારનવેશ તરીકે પોતાનું દાયીત્વ નિભાવી રહયા છે. તેમજ આવા ખાનદાની મિડીયા દ્વારા સમાચારની ગંભીરતા સમજી અને જે સત્ય હોય તે જ સમાજ સમક્ષ મુકે છે. તેવા આ ખાનદાની મિડીયાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. અને સમાજ પણ આ ખાનદાની મિડીયાનાં અહેવાલો પર વિશ્વાસ મુકે છે અને આ વિશ્વાસ આજદિન સુધી ચાલી રહયો છે. ખાનદાની મિડીયાને ધન્યવાદ પણ પાઠવ્યા હતાં. તો આ સાથે જ લાવારીશ મિડીયા (મા-બાપ વિનાના મિડીયા)ને આડેહાથ લઈ મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે આ લાવારીશ મિડીયાનું કામ એવું છે કે સનસની માટે કોઈપણ સમાચારને મારી મચડીને મુકી દેવા એટલું જ નહી જેમ પોસ્ટર લગાડવા માટે થુંક લગાવવું પડે છે તે રીતે આવા લાવારીશ મિડીયા સનસનીખેજ ફેલાવવા માટે અહેવાલો મુકી દે છે. તેવા આ લાવારીશ મિડીયાની ભારે શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

આ સાથે જ તેઓએ આવા લાવારીશ મિડીયાને પડકાર ફેંકી જણાવ્યું હતું કે 'તુમ્હારી ઔકાત કયા હૈ, તુમ્હારી ઓકાત હૈ ઈતના અજમાલો' સત્ય નહી છોડું અને ધર્મ નહી છોડું તેમ જણાવી એવી પણ ટકોર કરી હતી કે આ લાવારીશ મિડીયા આખી સીરીઝ છાપવાનું કહે છે તો તારામાં દમ હોય એટલું છાપી લેજે. તુમ્હારી ઔકાત કયા હૈ મુજે માફી દેને કી અને હિંમત હૈ ઈતના છાપ તેવી ગર્જના કરી અને શું સત્ય છે તે તો જાણ તો ખરા 'ડોબા' તેવા શબ્દ પ્રયોગ કરી અને લાવારીશ મિડીયા સામે તીખી પ્રતિક્રિયા વ્યકત કરી હતી.

# મહેશગીરીની સિંહગર્જના : ગિરનાર પર ખોટું તો નહીં જ થવા દઉં

## ૧૪ વર્ષની ઉંમરે દીક્ષા લીધી ત્યારથી લઈ ભૂતનાથ મહાદેવ મંદિરનાં મહંત પદ સુધીની હૈયુ હચમચાવી નાખે તેવી જીવન કિતાબનાં પાના ખુલ્લા મુકી ધર્મ નહી છોડું સત્ય નહી છોડું અને ધર્મયુધ્ધની લડાઈ ચાલુ જ રખાશે તેવો રણટંકાર કરતા મહેશગીરી



જૂનાગઢ તા.૯

ભૂતનાથ મહાદેવ મંદિરનાં સાનિધ્યમાં ચાલતી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના કથા સ્થળે ભાગવત ભગવાનનાં મંચ ઉપરથી ધર્મસભામાં ભૂતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરીબાપુએ સિંહ ગર્જના કરી પોતાની જીવન કીતાબનાં પાના ખુલ્લા મુકી સત્ય અંગેની લડાઈ અંગે અધકચરા નહીં પરંતુ પુર્ણ 'સત્ય' લોકો સમક્ષ અને સંતો સમક્ષ મુકી તેઓ ગિરનાર બચાવવા માટે તેમજ ધર્મનાં રક્ષણ માટેનું જે યુધ્ધ કરી રહયા છે તે માટેનો ફેંસલો હવે આપ સૌ લેજો તેવી હાંકલ કરતા સમગ્ર ધર્મસભાનો સમીયાણો હમ તુમ્હારે સાથ હૈનાં નારા સાથે ગુંજી ઉઠયો હતો. આ તકે મહેશગીરીબાપુએ વિરોધીઓનાં આક્ષેપોનો ઈંટોનો જવાબ પથ્થરથી આપી ધજીયા ઉડાવી દીધી હતી અને સત્ય સમાચાર પ્રગટ કરનાર ખાનદાની મીડીયાને ધન્યવાદ આપ્યા હતાં જયારે સનસની ફેલાવા માટે સમાચાર છાપતા હોય તેવા લાવારીશ મિડીયાની ઝાટકણી કાઢી તારે જે લખવું હોય તે લખ તેવો રણટંકાર કર્યો હતો.

લોકોની આસ્થાના કેન્દ્ર સમા ધાર્મિક સ્થળો અંબાજી માતાજી મંદિર અને ભવનાથ મહાદેવ મંદિરની 'ગાદીવિવાદ'જોરશોરથી ગાજી રહયો છે. આ વિવાદ સૌપ્રથમ ઉઠયો અંબાજી મંદીરના મહંત પુ.તનસુખગીરીબાપુ બ્રહ્મલીન થતા અંબાજી મંદિરના મહંત નીમવા અંગેનો પ્રશ્ન ઉઠયો. એક તકે તો બ્રહ્મલીન પુ.તનસુખગીરીબાપુને સમાધી આપવાનાં સમયે જ હવે નવા મહંત કોણ બનશે તેને લઈને ચર્ચાઓ શરૂ થઈ એક તકે તો ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરીબાપુએ પુ.તનસુખગીરીબાપુ રાજકોટ સારવાર માટે હતા ત્યાં કાગળોમાં સહી કરાવી લીધાનાં આક્ષેપો થયા અને જેની સામે મહેશગીરીબાપુએ આક્ષેપો નકારી કાઢયા હતા. અત્યંત ઝડપે બની ગયેલ ઘટના ક્રમમાં પુ.તનસુખગીરીબાપુની ધુળલોટ વિધી સમયે જ ભવનાથ મહાદેવ મંદિરના મહંત હરીગીરી દ્વારા તનસુખગીરીબાપુનાં સમાધી શિષ્ય જાહેર કરી અને પ્રેમગીરીની ચાદરવિધી પણ કરી નાંખી જેણે બળતામાં ઘી હોમવાનું કાર્ય કર્યુ. અંબાજી મંદિર અને ભીડભંજન મહાદેવની જગ્યાના મહંત તરીકે પ્રેમગીરીની ચાદરવિધી સામે તનસુખગીરીબાપુનાં પરિવારજનોએ ભારે વિરોધ દર્શાવેલ અને ગાદી પચાવવા તેમજ જગ્યા પચાવી પાડવા અંગે ભવનાથનાં મહંત હરીગીરી વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ અરજી આપવાની કામગીરી થઈ તો બીજી તરફ ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરીબાપુ તનસુખગીરીબાપુના ચોટી શિષ્ય હોવા છતાં પણ તેઓએ ગાદી મેળવવા માટે પોતાનો હકક કર્યો નહી એટલું જ નહી તેઓ તનસુખગીરીબાપુના પરીવારજનો સાથે છે અને સર્વસંમતીથી સર્વે નિર્ણય કરવા જણાવેલ તેમજ અંબાજી મંદિરની ગાદી પચાવી પાડવા જે ખેલ શરૂ થયો તેની સામે મહેશગીરીબાપુએ ભારે વિરોધ અને સત્યની લડાઈ લડયા મેદાને પડયા, હરીગીરી સામે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી ગંભીર આક્ષેપો કરાયા એટલું જ નહી ભવનાથ મંદિરની ગાદી પચાવવા માટે જે રૂપિયાનો વરસાદ વરસાવ્યો હતો તેના પણ પુરાવા મીડીયા સમક્ષ મુકવામાં આવ્યા. હરીગીરી સામે મહેશગીરીબાપુએ શરૂ કરેલી લડાઈ દિવસે દિવસે ઉગ્ર બનતી હતી. મહેશગીરીબાપુએ તેઓ જયાં સુધી હરીગીરીને ભવનાથમાંથી દુર નહી કરે ત્યાં સુધી તનસુખગીરીબાપુને શ્રધ્ધાંજલી નહી અર્પે તેવી પ્રતીજ્ઞા કરી હતી. અંબાજી મંદિરની ગાદી વિવાદ વધુને વધુ ઉગ્ર બનતો જતો હતો. આ તકે સરકારને પણ મધ્યસ્થી બનવું પડયું છે અને હાલ પુરતુ મામલતદાર હસ્તક અંબાજી મંદિર, ભીડભંજન મંદિર અને દતાત્રેય શીખરનો વહીવટ આપવામાં આવ્યો છે અને ત્યાં જ ભવનાથ મહાદેવ મંદિરની પાછળ આવેલ પ્લોટની હરીગીરીએ બળજબરીથી હરરાજી કરાવી અને પડાવી લીધાનો આક્ષેપ થયો છે. એવામાં મુચકુંદ મહાદેવ મંદિરના મહંત મહેન્દ્રાનંદગીરીએ એક પત્રકાર પરીષદ યોજી મહેશગીરી સામે આકરી પ્રતિક્રિયા આપી હતી અને સોશ્યલ મીડીયાને પણ ધમકી આપી હતી. બીજી તરફ જૂનાગઢના પુર્વ ડે.મેયર ગીરીશ કોટેચાએ સંતો શાંત થાવ હવે જૂનાગઢ બદનામ થઈ રહયું છે તે મતલબનો એક વિડીયો બનાવી વાત રજુ કરતાં જ ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી વિફર્યા હતા અને અગાઉ પણ પુર્વ ડે.મેયર ગીરીશ કોટેચાને આડેહાથ લઈ ઝાટકી નાખ્યા હતા. જેની પ્રતિક્રિયારૂપે ગીરીશ કોટેચાએ પણ રાજકોટમાં પત્રકાર પરીષદ યોજી અને મહેશગીરીબાપુ વિરૂધ્ધ બેફામ વાણીવિલાસ કર્યો હતો.

તો બીજી તરફ સંતો દ્વારા પણ મહેશગીરીબાપુની તરફેણમાં નિવેદનો આવતા હતા. આ દરમ્યાન જૂનાગઢમાં ભૂતનાથ મહાદેવનાં સાનિધ્યમાં પુ.મહેશગીરીબાપુના માર્ગદર્શન હેઠળ નગરજનોનાં યજમાનદે ગૌશાળાના લાભાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો ભક્તિસભર કાર્યક્રમ યોજાયો હતો. વ્યાસપીઠ ઉપર બીરાજમાન ડો.મહાદેવ પ્રસાદ મહેતા આગવી શૈલીમાં કથાનું રસપાન કરાવતા હતા. હજારોની સંખ્યામાં ભાવિકોએ ધર્મલાભ લીધો હતો તો સંતો મહંતોએ વિશેષ હાજરી આપી દાનની સરવાણી વહાવી હતી. શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની ગઈકાલે પુર્ણાહુતી હતી અને આજ દિવસે ગઈકાલે ૧૦-૩૦ કલાકે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનાં મંડપ સ્થળે જ એક ધર્મસભા યોજવામાં આવી હતી. આખો સમીયાણો ભાવીકો સેવકોથી હકડેઠઠ રહયો હતો. વિવિધ સંપ્રદાયના સંતો-મહંતો, શ્રી મહંતો, મંડલેશ્વર, મહામંડલેશ્વર અને વરિષ્ઠ સંતો ખુબ જ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી અને ધર્મસભાને શોભાયમાન બનાવી હતી. આ ધર્મસભામાં સંતોએ ધર્મની રક્ષાકાજે મહેશગીરીબાપુ દ્વારા જે સત્યની લડાઈ કરવામાં આવી રહી છે તેમાં અમે સૌ સાથે છીએ એવો સુર વ્યકત કર્યો હતો.

ધર્મસભાનાં સ્થળ એટલે કે ભાગવત ભગવાનનાં મંચ ઉપરથી મહેશગીરીબાપુએ આક્રમક મુડમાં વિરોધીઓને આડે હાથ લીધા હતા. ધર્મસભાનું લાઈવ પ્રસારણ હોય જેથી મહેશગીરીએ પોતાનું ઉદબોધન હિન્દીમાં કર્યુ હતુ. હું મહેશગીરી ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત, ગુરૂદતાત્રેય સંસ્થા તેમજ રાણેશ્વર મહાદેવ રાણપુરનાં મહંત ભાગવત ભગવાનના મંચથી બોલું છુ જો કહીશ તે સત્ય જ કહીશ સત્ય સિવાઈ કંઈ નહી કહુ તેમ જણાવી ગીરનાર બચાવવા માટે જે યુધ્ધ છેડયુ છે તે પુરૂ જ કરીશ, મારે સનાતન ધર્મના ટુકડા નથી જોતા, મારે સીતારામ જોઈએ, નમો નારાયણ જોઈએ અને સ્વામીનારાયણ પણ જોઈએ. આમ સર્વે હિન્દુ ધર્મને સાથે રાખવા છે તે બાબત ઉપર પણ ભાર દીધો હતો. ગિરનાર ઉપર પરીવર્તન કરવું છે અને તેના જંગની શરૂઆત થઈ ગઈ છે અને સૌએ બોલવું જ પડશે તેમ જણાવ્યું હતું.

આ સાથે જ મહેશગીરીબાપુએ પોતાના જીવનનું સત્ય ધર્મસભામાં સૌની સમક્ષ મુકવાનો નિર્ધાર સાથે વિગતો આપી હતી. તેઓએ પોતાની જીવન કિતાબનાં પાના એક પછી એક ખુલ્લા મુકતા જણાવ્યું હતું કે, આજે મને કોઈ બાબતનો ડર નથી તેમ જણાવી વધુમાં કહ્યું હતું કે તેમનો જન્મ નાસીકમાં બ્રાહ્મણકુળમાં માતા સરસ્વતી અને પિતા વિષ્ણુ વ્યાસનાં ઘરે થયો હતો. ધાર્મિક સંસ્કારો તો વારસો નાનપણથી જ મળ્યો હતો. ધર્મપ્રત્યે આસ્થા સાધુ સંતોના આશિર્વાદ સાથે જીવાનંદસાધુ સાથે યાત્રા માટે હિમાલય નીકળ્યો હતો ત્યા સંતે કહયું કે, તુમ્હારે લીયે ગીરનાર મે પ્રતીક્ષા હે અને આ સાથે જ મહેશગીરી ખુબજ નાની ૧૫-૧૬ વર્ષની ઉંમરમાં ગિરનાર આવ્યા અને કમંડલ કુંડ, દતાત્રેય, સંસ્થામાં સેવા કરી દીક્ષા લીધી. પીઠાધીશ પુ.અમૃતગીરીબાપુએ આશિર્વાદ આપ્યા અને સેવા કરવી, પાખંડ કરવું નહી અને ટુંકડો રોટી ખવડાવવાનો આદેશ આપ્યો તેમજ રામાનંદગીરીબાપુ સાથે ધર્મકાર્ય સેવાયજ્ઞમાં જોડાયા વર્ષો પહેલા ગીરનાર પર લાઈટ નહી અને દશ હજાર પગથીયા ચડવા પડે ૧૪ વર્ષ સુધી કઠોર સેવા કરી છે તેમ જણાવી વિરોધીને ડોબા કહી મહેશગીરીએ જણાવ્યું હતું કે, ભુતનાથ મંદિર અને કમંડલ કુંડ વચ્ચે શું સંબંધ છે તે સેવકગણને ખબર જ છે. રોજ ૪૦ કિલો લોટની રોટી બનાવી અન્નક્ષેત્ર ચલાવ્યું છે અને આજે પણ ચાલે છે. ખુન પસીના વહાવ્યા છે. અને ગીરનારનું સ્તનપાન કરીને મોટો થયો છુ કોઈ ખોટું કામ કર્યુ નથી. નાની ઉંમરમાં દીક્ષા લીધી સાધુ બન્યા બાદ અનેક કઠીન પરિસ્થિતીમાંથી પસાર થયો છું. અમૃતગીરીબાપુનો સ્વર્ગવાસ થતા ગંભીર પરિસ્થિતીમાં આવી ગયેલ ગુરૂનાં આદેશ કંઈક અલગ હોય અને અન્ય પાખંડીઓ જુદુ જ કરે. આવા સમયે નાની ઉંમરમાં શું સમજવું કહેવાતા સાધુનો યૌન શોષણ અને અત્યાચારનો ભોગ બનેલ છે. અમૃતગીરીબાપુનાં દેહાંત બાદ પંચગુરૂની શ્રેણીમાં આવેલ. પુ.તનસુખગીરીબાપુ ચૌટીગુરૂ હતા તેમ જણાવી મહેશગીરીએ વધુમાં જણાવેલ કે ભરતીમેળાનો જે દોર ચાલ્યો છે. તેમાં સવારે આવ્યો સાંજે ચેલા મુંડી દેવાની પ્રથાનો ભારે વિરોધ કરેલ છે. આવા એક દિવસમાં બની ગયેલા સાધુ સમાજનું શુ ભલુ કરશે તેમના ખરાબ વર્તનને લઈ સાચા સંતોને મુશ્કેલી સહન કરવી પડે છે. વિશેષમાં અંબાજી મંદિરના મહંત તરીકે જેની ચાદરવિધી કરી છે તેવા પ્રેમગીરીએ એક બાળકનું યૌનશોષણ કર્યુ છે આજે આ બાળક ગુમ થયેલ છે. હરીગીરી પાપનાં ભાગીદાર બન્યા છે તેને ભોગવવું જ પડશે ગિરનાર છોડશે નહીં તેમનું સત્યાનાશ થશે તેમ જણાવી મહેશગીરીએ જણાવ્યું હતું કે, યૌનશોષણના ભોગ બનનાર કાંતો આત્મહત્યા કરે અથવા ગુનાનાં માર્ગે ચાલે. હું ખુબ જ ડીપ્રેશનમાં આવી ગયો હતો અને પ.પુ.શ્રી રવીશંકરજી મહારાજને મળ્યો, મને ભેટયા અને પ્રેમથી મને ગળે લગાવ્યો અને સાધના, સત્સંગના માધ્યમથી આત્મગ્લાની બહાર કાઢી મને નવી ઉર્જા આપી હતી. ૨૦૦૩માં યુવા શીબીર કરવી હતી પરંતુ વન વિભાગે મંજુરી ન આપી અને આખરે દિલ્હી ગયો. ૨૦૦૫માં જમીન આપવા માંગણી કરી તો મને કહેવામાં આવ્યું કે આ જમીન થોડી ખેરાત છે તે આપીએ. ત્યાંથી પરત ગીરનાર આવ્યો. દતાત્રેય ભગવાનનાં ચરણોમાં રોયો અને એક સંકલ્પ લીધો. સંતો સાથે વાત કરી તેમજ રાજનીતીનાં છાંટા ભગવા કપડા ઉપર ન પડે એટલે સ્વામીને ચાદરવિધી કરી દિલ્હી ગયો. ધર્મની રક્ષા, ગિરનારને બચાવવા અને રાષ્ટ્ર સેવાનાં ભાવ સાથે ચુંટણી લડયો અને સંસદ સભ્ય બની ખુબ સારા કાર્ય કર્યા છે. ૨૦૦૭ મેં તબતુમ કહાથે મેરે 'બબલુ'તેમ કહી મહેશગીરીએ જણાવ્યું હતું કે સ્વામીમાં અવગુણ અનેક હશે પરંતુ તે ગીરનારને વેચે નહી. ગીરનાર માટેની લડાઈ લડેલ છે દરમ્યાન કોરોનામાં તેનું અવસાન થયું હતું. જયારે ગુરૂ ભાઈના શિષ્ય વસંતગીરીબાપુ બ્રહ્મલીન થતા ભૂતનાથ મહાદેવ મંદિરનાં મહંતની જગ્યા ખાલી પડી હતી. હું સુખડ છુ. સંન્યાસી બ્રાહ્મણ છુ અને સંતોના ફોન આવ્યા હતા. એટલે દિલ્હીથી પરત અહીં આવ્યો. હરીગીરી તેમજ પ્રેમગીરી અને ગિરનાર મંડળના સંતોની ઉપસ્થિતીમાં મારી ચાદરવિધી રાણપુરમાં કરવામાં આવી. રૂા.એક એક લાખની દક્ષીણા હરીગીરી અને પ્રેમગીરીએ લીધી હતી. જેના પુરાવા પણ મારી પાસે છે. વિનાશકાળે વિપરીત બુધ્ધી તેમ કહી હરીગીરી અને પ્રેમગીરી તમે જે પાપ કર્યુ છે ગિરનાર તમને છોડશે નહી તેમ જણાવ્યું હતું. નાની ઉંમરે દીક્ષા લીધા બાદ દિલ્હીમાં સાંસદ બન્યા તેમજ ફરી પાછા ભૂતનાથ મહાદેવ મંદિરના મહંતપદે બિરાજમાન થયા ત્યાં સુધીની જીવન સફરનાં પાના ખુલ્લા મુકી અને ગીરનારમાં ખોટું થવા દઈશ નહીં. ગિરનાર અને ધર્મની રક્ષા કરીશ, સત્ય છોડીશ નહી જેનો હકક છે. તેને અપાવીને જ ઝંપીશ તેવો રણટંકાર મહેશગીરીએ કરતા ઉપસ્થિત જન સમુદાયે મહેશગીરીબાપુ હમ તુમ્હાર સાથ હૈ નો નારો સભા મંડપમાં ગુંજી ઉઠયો હતો.

## હરીગીરી અને તેની ગેંગની ઉંડી તપાસ કરવામાં આવે તો મોટા કૌભાંડ બહાર આવશે : મહેશગીરી

જૂનાગઢ તા. ૯ : ગઈકાલે જૂનાગઢ ખાતે યોજાયેલી ધર્મસભામાં ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી બાપુએ હરીગીરી અને તેમની ગેંગનાં કરતુતો સામે ગંભીર પ્રકારનાં આક્ષેપો કર્યા છે. અનેક ગરીબ સાધુઓની જમીન હડપ કરી લેતા આવા સાધુઓએ ત્યાગપત્ર આપવા કહયું હતું. ત્યારે મે કહયું હતુ કે અરે નપુસંકો માટે ત્યાગપત્ર ન અપાય તેની છાતી ઉપર બેસીને કહેવાય અને લડાઈ કરાઈ હરીગીરી અને પ્રેમગીરી અને તેમનાં અન્ય સાધુઓની આખી ગેંગ છે. જો તેનાં કરતુતોની ઉંડાણ પૂર્વકની તપાસ કરવામાં આવે તો નબળા સાધુઓની જમીન હડપવાનું કૌભાંડ પણ બહાર આવશે તેવો નિર્દેશ મહેશગીરીએ આપ્યો હતો.

## જૂનાગઢ અને બીલખામાં ૨ યુવાનોએ ગળાફાંસો ખાઈ લેતા મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૯ : જૂનાગઢ અને બીલખામાં બે યુવકોએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું પોલીસ ચોપડે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે કાંતીભાઈ માલાભાઈ મકવાણાએ જાહેર કરેલ કે મૃતક નવઘણભાઈ કાંતીભાઈ મકવાણા(ઉ.વ.૨૫)એ કે.જે.હોસ્પિટલના પાછળના ભાગે ગટર પાસે કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. જયારે બીલખામાં રહેતા રાહુલભાઈ ચંદુભાઈ સોલંકી(ઉ.વ.૨૦)એ કોઈ કારણોસર પોતાના ઘરે રૂમમાં છતની આડીમાં દોરડા વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું મૃતકના પિતા ચંદુભાઈએ બીલખા પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.


સોપારીનું કટીંગ રીટેઈલમાં

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦

આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો.. આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..

મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

